ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2012 / 894-95, તા. 24-1-2012 - થી મંજૂર

# ગુજરાતી

## ધોરણ 6

## (પ્રથમ સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ,
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક્ક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરને આધીન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**
ડૉ. ટી. એસ. જોશી
હરેશ ચૌધરી
ઈકબાલ વૉરા
ચંદ્રેશ પાલ્લીઆ

**કન્વીનર અને સંયોજક :**
ડૉ. રાઘવજી માધડ

**લેખન-સંપાદન :**
કિશોરભાઈ પાર્થ
ડૉ. ભીખુભાઈ વેગડા
મીનેશકુમાર વાળંદ
જિજ્ઞેશપુરી ગોસ્વામી
મહંમદરફીક મનસુરી
પ્રકાશભાઈ ભટ્ટી
નીતાબહેન ઉપાધ્યાય
મધુસૂદન ઠક્કર
રતનબહેન પરમાર
પ્રવીણભાઈ મચ્છોયા
મનીષભાઈ સુથાર
સુરેશભાઈ નાગલા
સુભાષભાઈ હરિજન
કપીલાબહેન ચૌધરી
મહેન્દ્રભાઈ મકવાણા
ભગવાનદાસ દૂધરેજિયા
ઉદયકુમાર દેસાઈ
કલ્પેશ પટેલ
દક્ષાબહેન ગજ્જર
દિનેશભાઈ પ્રજાપતિ
નટવરભાઈ સુથાર
રમેશભાઈ ત્રિવેદી
હસમુખ પટેલ
જિતેન્દ્ર કાપડિયા
નિમેષ ટેલર
અમરતભાઈ રબારી
મણિલાલ લાડ
વિનોદરાય ઓઝા
વિક્રમભાઈ શિયાળ
મયૂરીબહેન ચૌહાણ
જ્યોત્સ્નાબહેન બોરાણિયા
દીપા ભટ્ટાસણા

**પરામર્શન :**
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. રમેશ ઓઝા
ડૉ. રમેશ પંડ્યા
ડૉ. લાલજી પ્રજાપતિ

**ચિત્રાંકન :**
લાલજીભાઈ જે. કણઝરિયા
રાજેન્દ્ર વસાવા
જેઠાભાઈ ટાંક
દિનેશભાઈ જોશી
વનમાળીભાઈ ડોડિયા
તુષાર દલવી

**ટાઈટલ ડિઝાઈન :**
ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન :**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યાં એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો - ભણવાનો અવસર મળે એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ બને એવાં પાઠ્યપુસ્તકો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્યપુસ્તક પોતે પણ આખરે તો એક અધ્યયન-સામગ્રી છે, લક્ષ્ય નથી. મતલબ કે સાધન છે, સાધ્ય નથી. તેથી પાઠ્યપુસ્તક પોતે સમગ્ર શિક્ષણનું સાધન ન જ બની શકે તેમ છતાં એવું જરૂરી કહી શકાય કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણની આ તરાહ કદાચ સૌ પ્રથમવાર પ્રયોજાઈ રહી છે. આશા છે કે આ પાઠ્યપુસ્તકોના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન-પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન.અગ્રસચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ પણ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

એક વર્ષની અજમાયશ પછી સમગ્ર રાજ્ય માટે તૈયાર થયેલાં ધોરણ 6થી 8નાં આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવાનો પ્રયત્ન કર્યો છે. છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઇ.આર.ટી.
ગાંધીનગર

**પી. ભારતી (IAS)**
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

તા. 04-11-2019

પ્રથમ આવૃત્તિ : 2013 પુનઃમુદ્રણ : 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019, 2020
પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી
પી. ભારતી, નિયામક
મુદ્રક :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क


# અનુક્રમણિકા

D8J3T2


| અ. નં. | કૃતિ | પ્રકાર | કવિ/લેખક | પા. નં. |
| --- | --- | --- | --- | --- |
| 1 | રેલવે-સ્ટેશન | ચિત્રપાઠ | - | 1 |
| 2 | હિંદમાતાને સંબોધન | પદ્ય (પ્રાર્થનાગીત) | મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' | 3 |
| 3 | દ્વિદલ | ગદ્ય (બોધવાર્તા) | ડૉ. આઈ. કે. વીજળીવાળા | 7 |
| 4 | રવિશંકર મહારાજ | ગદ્ય (જીવનચરિત્ર) | ધીરુભાઈ પરીખ | 14 |
| **પુનરાવર્તન 1** | | | | 23 |
| 5 | મહેનતની મોસમ | પદ્ય (પ્રકૃતિગીત) | નાથાલાલ દવે | 25 |
| 6 | લેખણ ઝાલી નો રહી | ગદ્ય (લોકકથા) | જોરાવરસિંહ જાદવ | 29 |
| 7 | પગલે-પગલે | પદ્ય (શૌર્યગીત) | સંતબાલ | 37 |
| 8 | બિરબલની યુક્તિ | ગદ્ય (ચાતુર્યકથા) | - | 41 |
| 9 | પાદર | ગદ્ય (નિબંધ) | ડૉ. કિશોરસિંહ સોલંકી | 46 |
| **પુનરાવર્તન 2** | | | | 53 |

R5P7L6

# 1 રેલવેસ્ટેશન




ઉપર આપેલા ચિત્રનું અવલોકન કરો. ચિત્રના આધારે સ્વાધ્યાયના પ્રશ્નો વિશે વિચારો.

## અભ્યાસ

- **ચિત્ર જોઈ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ચિત્રમાં કોણ કોણ નજરે પડે છે ?

(2) કયા કયા સ્ટૉલ નજરે પડે છે ?

(3) ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?

(4) કયા કયા ફેરિયાઓ નજરે પડે છે ?

## સ્વાધ્યાય

W3Z4Y6

**1. તમે રેલવેસ્ટેશન કે બસ-સ્ટેશન પર ગયા જ હશો. તમારા અનુભવના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) કયા કયા સ્ટૉલ જોવા મળે છે ?

(2) કઈ કઈ સૂચનાઓ લખેલી હોય છે ?

(3) કયા કયા વિભાગ અને બારીઓ હોય છે ?

(4) લાઉડસ્પીકર દ્વારા કઈ કઈ સૂચનાઓ અપાતી હોય છે ?

(5) કયા કયા ફેરિયાઓ જોવા મળે છે ?

(6) જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તમે શું કરશો ?

**2. નીચેના જાહેર સ્થળો પર જોવા મળતી સૂચનાઓની નોંધ કરો :**

(1) શાળા (2) દૂધમંડળી (3) આરોગ્યકેન્દ્ર (દવાખાનું) (4) ગ્રામપંચાયત

(5) બસ-સ્ટેશન

**3. ઉદાહરણ મુજબ શબ્દ બનાવો : રેલવે - રેલવેસ્ટેશન**

(1) બસ – .........................

(2) જહાજ – .........................

(3) વિમાન – .........................

(4) રિક્ષા – .........................

(5) હેલિકૉપ્ટર – .........................

**4. સ્વચ્છતા, ધૂમ્રપાન-નિષેધ કે સારા વર્તનને લગતાં સૂત્રો લખો કે બનાવો.**

## પ્રવૃત્તિઓ

- વિવિધ સ્થળોનું અવલોકન કરો.
- વિવિધ ચિત્રો અને ચિત્રવાર્તાનું અવલોકન કરી તેનું વર્ણન વર્ગમાં કરો.
- રેલવે અને બસનાં સમયપત્રક મેળવો.

S7Y1D1

# 2 હિંદમાતાને સંબોધન



**મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'**

**જન્મ : 20-11-1867 મૃત્યુ : 16-6-1923**

કવિ કાન્તનો જન્મ અમરેલી જિલ્લાના લાઠી પાસેના ચાવંડ ગામમાં થયો હતો. કાન્ત કવિ, નાટ્યકાર અને ધર્મચિંતક હતા. એમનો કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' ગુજરાતી કાવ્યસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

રાષ્ટ્રપ્રેમનાં કાવ્યોમાં કાન્તના આ કાવ્યનો ખાસ ઉલ્લેખ કરવામાં આવે છે. સમગ્ર કાવ્ય હિંદમાતાને સંબોધનરૂપે લખાયું છે. જુદો-જુદો ધર્મ પાળતાં ભારતમાતાનાં સંતાનો પરસ્પર પ્રેમ અને સહકારથી રહેવા માટે પ્રાર્થના કરે છે.



ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
હિંદુ અને મુસલમાન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !

પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !
રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં !
વાલ્મિકી, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઉચ્ચનીચ કોઈ સંતાન સૌ તમારાં !
ચાહો બધાં પરસ્પર : સાહો બધાં પરસ્પર :
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

## શબ્દસમજૂતી

**દેવભૂમિ** - પવિત્ર ભૂમિ **વિશ્વાસી** - ઈસુખ્રિસ્તમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખનાર, ખ્રિસ્તી **જિન** - જૈન **બક્ષી** - આપી, **તવંગર** - પૈસાદાર **નિરક્ષર** - અભણ **સાહો** - મદદ કરો **પરસ્પર** - એકબીજાને

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે ? ☐

(ક) ધરતીને (ખ) હિન્દને

(ગ) હિન્દમાતાને (ઘ) સૌ સંતાનોને

(2) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ? ☐

(ક) વેદોની (ખ) કૃષ્ણની

(ગ) દેવોની (ઘ) પુણ્યની

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

(2) હિંદમાતા સંતાનોનું પોષણ કેવી રીતે કરે છે ?

(3) આ કાવ્યમાં કયો ભાવ રજૂ થયો છે ?

H4K7E7

### સ્વાધ્યાય

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) ભારતમાં કયા-કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?

(2) ભારતભૂમિને કવિ માતા તરીકે કેમ સંબોધે છે ?

(3) ભારતમાં વસતી પ્રજાને કવિ સમાન શા માટે ગણે છે ?

(4) ભારતમાતાનાં સંતાનો છેલ્લે શી પ્રાર્થના કરે છે ?

(5) 'પ્રાર્થના' વિશે છ-સાત વાક્યો લખો.

## 2. માગ્યા મુજબ વિગત લખો :

| ધર્મનું નામ | ધર્મગુરુ | ધર્મગ્રંથ | ધર્મસ્થાન | ધર્મપ્રતીક | મુખ્ય તહેવાર |
|---|---|---|---|---|---|
| હિંદુ | | | | | |
| મુસ્લિમ | | | | | |
| શીખ | | | | | |
| ખ્રિસ્તી | | | | | |
| પારસી | | | | | |
| જૈન | | | | | |
| બૌદ્ધ | | | | | |

## 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધીને લખો :

(1) જ્ઞાની × ....................

(2) નીરોગી × ....................

(3) તવંગર × ....................

(4) ઉચ્ચ × ....................

(5) સમાન × ....................

(6) સાક્ષર × ....................

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રા | મ | દી | થ | ષ | મિ | સ |
| નૈ | વા | મૈ | મા | ણા | ને | સ |
| શા | ક | અ | સ | મા | ન | રા |
| મિ | મા | અ | જ્ઞા | ની | યા | ળા |
| ની | ખૂ | રે | યા | નિ | ચ | ડા |
| સ | ખે | શા | ઈ | ર | બા | ષ |
| ગ | રી | બ | ન | ક્ષ | ત્વી | રો |
| રા | જા | દ | ત્રી | ર | દ | ગી |

## 4. કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :

(1) પોષો તમે ....................................................................

.................................................. સંતાન સૌ તમારાં !

(2) સૌની સમાન ................................................................

.................................................... સંતાન સૌ તમારાં !

## 5. 'વિવિધતામાં એકતા' વિશે શિક્ષકની મદદથી આઠ-દસ વાક્યો લખો.

### પ્રવૃત્તિઓ

- દેશભક્તિગીત અંક તૈયાર કરો.
- ગુજરાતનાં ભાષા, લોકજીવન, નૃત્ય, કલા, પોશાક તેમજ ઊજવાતા તહેવારો વિશે માહિતી મેળવી પ્રોજૅક્ટ તૈયાર કરો.
- વિવિધ ધર્મો વિશે માહિતી મેળવી સચિત્ર અંક તૈયાર કરો.

3

# દ્વિદલ

**ડૉ. આઈ. કે. વીજળીવાળા**

**જન્મ : 14-7-1960**



ડૉ. આઈ. કે. વીજળીવાળાનો જન્મ ભાવનગર જિલ્લાના અમરગઢમાં થયો હતો. તેઓ વ્યવસાયે ડૉક્ટર છે. 'સાઈલન્સ પ્લીઝ', 'મોતીચારો', 'પ્રેમનો પગરવ' અને 'ઉંદરભાઈને આંખો આવી' વગેરે એમનાં જાણીતાં પુસ્તકો છે.

અહીં બે બોધકથાઓ સાદી અને સરળ શૈલીમાં આપવામાં આવી છે. પ્રથમ બોધકથામાં શિલ્પીની આત્મનિષ્ઠા અને પ્રભુનિષ્ઠા સુંદર રીતે વ્યક્ત થઈ છે, તો બીજી બોધકથામાં એક યુવક પોતાના વ્યવસાય પ્રત્યે કેટલો ગંભીર અને સંનિષ્ઠ છે એની ચોટદાર શૈલીમાં રજૂઆત છે.

## (1) મૂર્તિ

એક માણસ એક વખત પોતાના ગામમાં બની રહેલા નવા મંદિરનું નિર્માણકાર્ય જોવા ગયો હતો. એ કોઈ જાણકાર નહોતો. બસ, એમ જ જોવા માટે ગયો હતો. ત્યાં જઈને એણે જોયું તો એક શિલ્પી ખૂબ જ એકાગ્રતાથી આરસપહાણના પથ્થરમાંથી ભગવાનની મૂર્તિ ઘડી રહ્યો હતો. પેલા માણસને એના કામમાં રસ પડી ગયો. એ શિલ્પીની બાજુમાં બેસી ગયો. અચાનક એનું ધ્યાન બાજુમાં પડેલી એવી જ અન્ય એક મૂર્તિ પર પડ્યું. એને નવાઈ લાગી. એણે શિલ્પીને પૂછ્યું, 'મંદિરમાં એકસરખી આ બે મૂર્તિઓની જરૂર છે ?'

'ના', શિલ્પીએ જવાબ આપ્યો. 'આવી એક જ મૂર્તિની જરૂર છે, પરંતુ આ બીજી મૂર્તિમાં થોડુંક નુકસાન થવાથી છેલ્લી ઘડીએ પડતી મૂકવી પડી છે.'

પેલા માણસે ઊભા થઈને પડતી મુકાયેલી મૂર્તિને ચારે તરફથી તપાસી જોઈ. એને તો કોઈ જગ્યાએ કાંઈ પણ નુકસાન ન દેખાયું. એણે આશ્ચર્ય સાથે શિલ્પીને ફરીથી પૂછ્યું, 'આ મૂર્તિમાં મને તો કોઈ જ નુકસાન દેખાતું નથી. તમને આમાં કઈ જગ્યાએ નુકસાન દેખાય છે ?'

'એના નાક પાસે એક નાનો ઘસરકો થઈ ગયો !' શિલ્પીએ કહ્યું. પેલા માણસે ફરીવાર ધ્યાનથી જોયું ત્યારે એને એ નાનો ઘસરકો દેખાયો. એણે શિલ્પીને પૂછ્યું, 'તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો ?'



'પેલા વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર' શિલ્પીએ જવાબ આપ્યો.

પેલા માણસના આશ્ચર્યનો પાર ન રહ્યો. એનાથી કહેવાઈ ગયું, 'ભલા આદમી ! જો આ નાનકડી મૂર્તિની સ્થાપના એટલે બધે ઊંચે જ કરવાની હોય તો આવી ખોટી મહેનત શું કામ ? ત્યાં વળી કોણ જોવાનું છે કે એના નાક પર નાનો ઘસરકો છે ?

શિલ્પીએ પોતાનું કામ અટકાવીને એ માણસ સામે જોયું. પછી હસીને બોલ્યો, 'ભાઈ, બીજું કોઈ આ વાત જાણે કે નહીં એની મને ખબર નથી, પરંતુ હું અને મારો ભગવાન તો આ જાણીએ છીએને ?'

એટલું કહી એટલી જ એકાગ્રતાથી એણે પોતાનું કામ ફરીથી શરૂ કરી દીધું.

નિઃશબ્દ બની પેલો માણસ એ શિલ્પીને જોઈ રહ્યો !

## (2) સ્વ-મૂલ્યાંકન

પરદેશની વાત છે. ત્યાંના એક સ્ટોરમાં એક યુવક દાખલ થયો. દુકાનદાર સાથે નમ્રતાથી વાત કરીને તેણે પબ્લિક ફોન વાપરવાની મંજૂરી માગી. દુકાનદારે હા પાડી. યુવકના હાથ મેલા અને ખરાબ હતા એટલે એ સ્પીકર ફોન પર વાત કરતો હતો. અન્ય કોઈ ગ્રાહક એ સમયે સ્ટોરમાં હાજર ન હોવાથી દુકાનદાર એની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. સામા છેડે કોઈ સ્ત્રી વાત કરી રહી હતી.

યુવકે કહ્યું, ‘મૅડમ, તમે મને તમારે ત્યાં લૉન કાપવાનું કામ આપી શકો ખરાં ?’

સામે છેડેથી સ્ત્રીનો અવાજ આવ્યો, ‘નહીં ભાઈ, લૉન કાપવા માટે મેં માણસ રાખી લીધેલ છે.’

યુવક બોલ્યો, ‘મૅડમ, અત્યારે તમારે ત્યાં રાખેલ માણસને જે પગાર આપતાં હોવ એના કરતાં અડધા પગારથી હું લૉન કાપી આપીશ.’



સામે છેડેથી સ્ત્રીએ કહ્યું, 'ના ભાઈ, હાલ લૉન કાપવાનું કામ જે માણસ કરે છે તેનાથી મને કોઈ જ ફરિયાદ નથી.'

યુવકે કહ્યું, 'મૅડમ, લૉન કાપવાની સાથે હું ઘરની આજુબાજુનો રસ્તો પણ સાફ કરી આપીશ અને એ માટે કોઈ વધારાની રકમ વગર.'

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો, 'ના ભાઈ, આભાર. મને હમણાં બીજી કોઈ વ્યક્તિની જરૂર નથી, મેં રોકેલા માણસથી મને પૂરો સંતોષ છે.'

આટલી વાતચીત પૂરી કરીને ખુશખુશાલ ચહેરે એ યુવકે ફોનનું સ્પીકર બંધ કર્યું. દુકાનદારનો ફરી એકવાર આભાર માનીને એ જવાની તૈયારી કરતો હતો, એ જ વખતે દુકાનદારે એને પાસે બોલાવ્યો. એની બધી વાતચીત સાંભળીને એ પણ ખુશ થઈ ગયો હતો. પેલી સ્ત્રીએ કામ આપવાની ના પાડી છતાં યુવકના ચહેરા પર નિરાશાની કોઈ રેખા નહોતી કે એ જરાય ઉદાસ પણ નહોતો થયો. ટૂંકમાં, એની એ ખુમારી એને સ્પર્શી ગઈ.

યુવક પાસે આવ્યો એટલે દુકાનદારે કહ્યું, 'યુવક, પેલી સ્ત્રીએ કામ આપવાની ના પાડી તો પણ તું ખુશ રહી શક્યો એ વાત જ મને ખૂબ સ્પર્શી ગઈ છે. એણે ભલે ના પાડી, પરંતુ હું તને કામ આપવા તૈયાર છું. બોલ, મારે ત્યાં કામ કરીશ ?'

પેલા યુવકે હસતાં હસતાં ના પાડી.

દુકાનદારને અત્યંત નવાઈ લાગી. એણે કહ્યું, 'પણ દીકરા, હમણાં તો તું પેલી સ્ત્રીને કામ માટે રીતસરની આજીજી કરી રહ્યો હતો, કામ નહોતું જોઈતું તો પછી એવું શા માટે કરતો હતો ?'

યુવક હસતાં હસતાં બોલ્યો, 'નહીં સર, હું જ એ મૅડમને ત્યાં કામ કરું છું. આ તો મારું કામ કેવું છે એ તપાસવા માટે જ મેં એમને ફોન કરેલો, જેથી કરીને મારા કામ અંગે મને ખ્યાલ આવે.'

દુકાનદારને એક નિર્દોષ સ્મિત આપીને એણે વિદાય લીધી.

દુકાનદાર એને જતો જોઈ રહ્યો અને ક્યાંય સુધી એ યુવકની સ્વ-મૂલ્યાંકનની રીતને બિરદાવતો રહ્યો.

**('પ્રેમનો પગરવ'માંથી)**

## શબ્દસમજૂતી

**શિલ્પી** - પથ્થર, ધાતુ વગેરેને સુંદર આકાર આપનાર કે કોતરણી કરનાર **સ્તંભ** - થાંભલો **નિ:શબ્દ** - શબ્દ વિનાનું, શાંત **મંજૂરી** - પરવાનગી **લૉન** - લીલું ઘાસ, બાગ-બગીચા કે ઘર આગળ ઉગાડવામાં આવતું ઘાસ, હરિયાળી **આજીજી** - વિનંતી **બિરદાવવું** - ગુણને વખાણવા કે તેની કદર કરવી

## રૂઢિપ્રયોગો

**પડતું મૂકવું** - છોડી દેવું **નિ:શબ્દ બની જવું** - શાંત થઈ જવું **વિદાય લેવી** - જવા માટે છૂટા પડવું

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐માં લખો :**

(1) વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી ? ☐

(ક) પરમેશ્વરની (ખ) મૂર્તિની (ગ) ચિત્રની (ઘ) ગણપતિની

(2) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માગી ? ☐

(ક) પબ્લિક ફોન (ખ) મોબાઈલ ફોન (ગ) સેલ્યુલર ફોન (ઘ) ગ્રામોફોન

(3) દુકાનદારને યુવકનો કયો ગુણ સ્પર્શી ગયો ? ☐

(ક) સ્વચ્છતાનો (ખ) નમ્રતાનો (ગ) ખુમારીનો (ઘ) વફાદારીનો

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) શિલ્પી શું કરી રહ્યો હતો ?

(2) બાજુમાં પડેલી મૂર્તિને શું નુકસાન થયું હતું ?

(3) યુવકે દુકાનદારને શાની ના પાડી ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) શિલ્પી શું વિચારી બીજી મૂર્તિ બનાવી રહ્યો હતો ?

(2) દુકાનદારને કેમ નવાઈ લાગી ?

(3) યુવકે સ્ત્રીને ફોન શા માટે કર્યો હતો ?

B3E2I5

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) માણસે બીજી મૂર્તિ જોઈ આશ્ચર્ય શા માટે અનુભવ્યું ?

(2) શિલ્પીએ પહેલી મૂર્તિ પડતી કેમ મૂકી ?

(3) સ્ત્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની શા માટે ના પાડી ?

(4) સ્ત્રીનો જવાબ સાંભળી યુવક ખુશ કેમ થયો ?

(5) સ્વ-મૂલ્યાંકન એટલે શું ? તમે તમારી જાતનું મૂલ્યાંકન કર્યું છે ?

**2. વાર્તામાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી તૈયાર કરી તેના ગુજરાતી અર્થ લખો.**

(1) .................................. (2) .................................. (3) ..................................

(4) .................................. (5) .................................. (6) ..................................

**3. ઉદાહરણ પ્રમાણે વિરુદ્ધાર્થી શબ્દો લખો :**

**ઉદાહરણ :** પોતાનું × પારકું

જાણ × ..........................

નીરસ × ..........................

ધ્યાન × ..........................

સંતોષ × ..........................

જવાબ × ..........................

નુકસાન × ..........................

પરદેશ × ..........................

હાજર × ..........................

**4. નીચેના કોષ્ટકમાં કેટલાંક કામોની યાદી આપેલી છે. નીચે આપેલી સારણીનો ઉપયોગ કરી આ કામ ઘરના કયા કયા સભ્યો કરે છે તેની સામે ખરાની નિશાની કરો :**

| કામ | પોતે | માતા | પિતા | ભાઈ | બહેન | અન્ય (કાકા, કાકી, દાદા, દાદી) |
|---|---|---|---|---|---|---|
| ઘરમાં સામાન લાવવો | | | | | | |
| સફાઈ કરવી | | | | | | |
| પથારી કરવી | | | | | | |
| રસોઈ કરવી | | | | | | |
| કપડાં ધોવાં | | | | | | |
| અન્ય | | | | | | |

તમે કહી શકશો કે સૌથી વધુ કામ કોણ કરે છે અને સૌથી ઓછું કામ કોણ કરે છે ? તમે કયું કયું કામ નથી કરી શકતા ? કેમ ? કામની સરખી વહેંચણી થઈ શકે તે માટે તમે શું કરી શકો ? વિચારીને વર્ગમાં ચર્ચા કરો.

**પ્રવૃત્તિઓ**

- તમારા વિસ્તારમાં આવેલાં શિલ્પ-સ્થાપત્યો જુઓ અને તેના વિશે લખો.
- સ્વ-મૂલ્યાંકન : બોધવાર્તાને આધારે તમારાં વર્તન-વ્યવહાર વિશે સાથી મિત્રો સાથે ચર્ચા કરો.

•

M7B5K7

# 4 રવિશંકર મહારાજ

ધીરુભાઈ પરીખ

જન્મ : 31-8-1933



ધીરુભાઈ ઈશ્વરલાલ પરીખનો જન્મ વિરમગામમાં થયો હતો. જુદી જુદી શિક્ષણ સંસ્થાઓમાં તેમણે ભાષા-સાહિત્યના વિદ્વાન અધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી છે. કવિતા, વિવેચન, અનુવાદ તેમજ સંપાદન એમનાં રસનાં ક્ષેત્રો છે. ‘કુમાર’ તેમજ ‘કવિલોક’ જેવાં પ્રતિષ્ઠિત સામયિકોના તેઓ તંત્રી છે. છપ્પાસંગ્રહ ‘અંગપચીશી’ તેમજ હાઈકુસંગ્રહ ‘આગિયા’ પણ એમનાં નોંધપાત્ર પ્રકાશનો છે.

પ્રસ્તુત કૃતિ દ્વારા લેખકે રવિશંકર મહારાજના જીવનકાર્યને રસળતી શૈલીમાં રજૂ કર્યું છે. મહારાજના સાદગી અને સેવાના અનેક પ્રસંગો આપણા જીવન માટે પ્રેરણાદાયી બની રહે છે.

મહારાજ અને વળી સેવક ? મહારાજ એટલે તો મોટો રાજા. મોટો રાજા તો સેવા કરાવે કે સેવા કરે ? હા, પણ આ મહારાજ તો રાજ વિનાના મહારાજ, નવાઈ લાગે છે ને કે રાજ વિનાના તે વળી મહારાજ હોય ? હા, આ નવાઈ પમાડે તેવી, પણ ખરી વાત છે. લોકોના હૃદય પર જેમની સત્તા ચાલે એવા છે આ મહારાજ.

આ મહારાજાને તમે નથી ઓળખતા ? લો, તો હું એમનું નામ કહું. એમનું નામ રવિશંકર વ્યાસ. હજીયે ઓળખાણ ના પડી ? રવિશંકર વ્યાસ નામ અજાણ્યું લાગે છે ? અરે, એ જ એમનું ખરું નામ છે અને વ્યાસ એ જ એમની સાચી અટક છે. આ તો એમનાં લોકહિતનાં કાર્યોથી, એમની નિઃસ્વાર્થ પ્રવૃત્તિઓથી લોકોએ જ એમને ‘મહારાજ’નું બિરુદ આપ્યું છે. આમ, એ ‘મહારાજ’ તરીકે પ્રસિદ્ધ થયા. આ ‘મહારાજ’ એટલે જ ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજ. લોકો એમને ‘રવિશંકર દાદા’ પણ કહેતા.

રવિશંકર મહારાજનો જન્મ સંવત 1940ના મહા મહિનાની વદ ચૌદશના દિવસે એટલે કે મહાશિવરાત્રીના રોજ થયો હતો. ઈ. સ. 1884ના ફેબ્રુઆરી મહિનાની પચીસમી તારીખે ખેડા જિલ્લાના રઢુ ગામે જન્મેલા રવિશંકરના પિતાશ્રીનું નામ શિવરામભાઈ અને માતુશ્રીનું નામ નાથીબા હતું. પિતાજી પાસેથી જીવનમાં સારી ટેવો કેળવવાનું અને માતા પાસેથી ખૂબ ચાવીચાવીને ખાવાની આરોગ્યની ચાવીનું શિક્ષણ એ બાળપણમાંથી જ પામ્યા હતા. બાળપણથી જ એમનો સ્વભાવ

સાહસિક અને નીડર હતો. દીનદુઃખી પ્રત્યેની લાગણીવાળું હૈયું પણ એમને બાળપણથી જ મળ્યું હતું. બાળપણથી જ એ ઘરનાં નાનાંમોટાં કામોમાં મદદ કરતા હતા. ખેતીનું પ્રત્યેક કામ એ શીખી ગયા ને હોંશથી એ કામમાં જોતરાઈ પણ જતા. કોઈ પણ કામમાં એમને શરમ, સંકોચ અને નાનપ નહિ. નાનું કે મોટું કોઈ પણ કામ તેમને મન મહિમાવંતું.



મોટા થયા પછી પણ એમણે કામ કરવાની વૃત્તિ છોડી નહિ. હા, એમના કામની દિશા બદલાઈ. મહાત્મા ગાંધીના પરિચયમાં આવ્યા પછી એમણે અનેક કામો ઉપાડી લીધાં. એ જે કામ ઉપાડે તેમાં દિલ દઈને જોડાઈ જાય. મહાત્મા ગાંધીએ તો કહેલું પણ ખરું : ''બસ, મહારાજની આ જ ખૂબી છે, તેમને જે કામ સોંપો, તેમાં એ પોતાનો આત્મા રેડી દે છે અને તેથી જ એમનું કામ ઝળકે છે અને તેથી વધુ સારી અસર પડે છે.'' ગાંધીજી સાથેના પરિચય પછી એમણે ભારતની આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. યજમાનવૃત્તિનો ધંધો છોડ્યો, વિલાયતી કપડાં છોડ્યાં, ગામ, ઘર બધું છોડી એ રાષ્ટ્રના કામમાં લાગી ગયા. ચરખો ચલાવી ખાદીનાં વસ્ત્રો પહેરવાં, સાદું ખાવુંપીવું અને સાદાઈથી રહેવું એ હવે એમનો જીવનમંત્ર બની ગયો.

ધીમે ધીમે રાજકીય પ્રવૃત્તિને સ્થાને લોકપ્રવૃત્તિએ એમના જીવનમાં પ્રવેશ કર્યો. પછી તો એ જ પ્રવૃત્તિ મુખ્ય બની ગઈ. લોકસેવાના ક્ષેત્રે એમણે પ્રથમ પગરણ માંડેલાં. ઈ. સ. 1911માં વડોદરામાં તેઓ શ્રી ફતેહસિંહરાવ અનાથાશ્રમમાં બેત્રણ છોકરાઓને દાખલ કરાવવા ગયા હતા. અનાથાશ્રમના વડાએ રવિશંકરને ફાળો ઉઘરાવવા કહ્યું ત્યારે તો એ કામ એમને માટે સાવ નવું હતું, પણ એમણે આ કામ માથે ઉપાડી લીધું. ઘેરઘેર ફરીને એમણે એ આશ્રમ માટે ઠીક-ઠીક રકમ એકઠી કરી. ત્યારપછી ધીમેધીમે એમણે આવાં જ કામોમાં પોતાની જાતને જોતરવા માંડી.

એકવાર પેટલાદથી થોડે દૂર આવેલા જોગણ ગામમાં એમને જવાનું થયું. એમણે જોયું તો ત્યાં નરી ગંદકી જ ગંદકી. ગામમાં ઠેરઠેર ગરીબાઈ ડોકિયાં કરે. આ ગરીબાઈ અને ગંદકીથી એમનું દિલ દ્રવી ઊઠ્યું. ત્યાં રહી આ દૂષણો દૂર કરવાનો એમણે મનસૂબો કર્યો. આજુબાજુનાં ગામડાંમાં

પણ એ જ પરિસ્થિતિ હતી. મહારાજ તો ગામડેગામડે ફરવા લાગ્યા. દિવસમાં એકવાર બપોરે કોઈ ગામમાંથી થોડા દાળચોખા મેળવીને ખીચડી રાંધી ખાય અને પછી એમની યાત્રા શરૂ થાય. પાણી પીવા માટે સાથે દોરી અને લોટો રાખે. ગામની ભાગોળે પ્રથમ નાહી-ધોઈ લે, પછી એ ગામમાં પ્રવેશે. આ યાત્રામાં બે-ત્રણ વખત દોરી ખોવાઈ ગઈ. આથી એમણે દોરી સાથે રાખવાનું માંડી વાળ્યું. હવે એમણે એવો નિયમ લીધો કે બપોરે જમ્યા પછી પાણી પીવું, પછી ચોવીસ કલાક સુધી પાણી પીવું નહિ. આમ, ઓછામાં ઓછી જરૂરિયાત વડે એમણે સેવા આરંભી દીધી.

એકવાર એમને સંદેશો મળ્યો કે કણભા નામના ગામમાં કોઈ વેપારીના ઘીના બે ડબા ચોરાયા છે. મહારાજ તો પહોંચ્યા કણભા. ઘીના ડબા ચોરી જનાર માણસને એ મળ્યા અને એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ પેલો માણસ માને તો ને ? મહારાજે ઉપવાસ આદર્યા. પાણીનો પણ ત્યાગ કર્યો. પેલા માણસના મન પર ભાગે અસર થઈ. બીજા જ દિવસે રાત્રે એ મહારાજ પાસે પહોંચી ગયો અને ચોરી કબૂલી લીધી. પોતે ચોરેલા ઘીના બે ડબા પાછા આપ્યા અને ફરી ચોરી નહિ કરવાની એણે પ્રતિજ્ઞા લીધી. આવો જ બીજો પ્રસંગ બનેજડાં ગામમાં બન્યો હતો. તે ગામમાં ચોરી થયાના સમાચાર જાણી મહારાજ ત્યાં પહોંચી ગયા. એમણે તો ચોર ચોરી કબૂલ ન કરે ત્યાં સુધી ખોરાક-પાણી નહિ લેવાની જાહેરાત કરી દીધી. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ....ઉપવાસ તો ચાલ્યા, ચોર આવે નહિ. ગામના લોકો અકળાતા હતા. મહારાજ બધાંને શાંત રહેવાનું કહેતા હતા. મહારાજને ઉપવાસનો આઠમો દિવસ થયો, આખરે ચોરનું મન પીગળ્યું. તેને પશ્ચાતાપ થયો. તેણે ચોરી કબૂલ કરી લીધી. મહારાજના ઉપવાસ છૂટ્યા.

આ તો વાત થઈ નાના ચોરોની, પણ મહારાજને તો માણસ પર એટલો બધો વિશ્વાસ કે બહારવટિયાઓને સુધારવાનું પણ એ ચૂકે નહિ. ઈ. સ. 1922માં એમને પ્રથમવાર બહારવટિયાઓનો ભેટો થઈ ગયો. છિપિયાલ ગામથી તેઓ રાત્રે સરસવણી ગામે પાછા ફરતા હતા, ત્યાં રસ્તામાં જ બહારવટિયા ભેટી ગયા. કાચોપોચો માણસ હોય તો છાતીનાં પાટિયાં બેસી જ જાય પણ આ તો મહારાજ, નરી નિર્ભયતાની મૂર્તિ ! એમણે તો બહારવટિયાઓને મહાત્મા ગાંધીની વાત કરી, આઝાદીની લડતની વાત કરી. બહારવટિયાઓને ગાંધીજીનું કામ ઉપાડી લઈ ‘સાચું બહારવટું’ ખેડવા સમજાવ્યું. પછી તો મહારાજે કોતરોમાં ભમીભમી અનેક બહારવટિયાઓને સુધારવાની પ્રવૃત્તિ કરી. આથી જ તો ઝવેરચંદ મેઘાણીએ એમને ‘માણસાઈના દીવા’ કહ્યા હતા.

આ રીતે એક તરફ તેઓ વ્યક્તિના જીવનને સુધારવાની પ્રવૃત્તિ કરતા તો બીજી તરફ પ્રસંગ પડ્યે લોકો પર આવી પડતી કુદરતી આપત્તિના સમયે પણ તેઓ સેવા કરવામાં પાછી પાની કરતા નહિ. એક રાત્રે રવિશંકર મહારાજ સુંદરણા ગામે હતા ત્યારે ધોધમાર વરસાદ પડ્યો, રવિશંકર મહારાજ જે ઘરમાં ઊતર્યા હતા તે ઘરનો કરો તૂટી પડ્યો. વરસાદ કહે મારું કામ, જેમતેમ કરી

રાત પસાર કરી. વરસાદ હજુ પણ વરસતો જ હતો. પોતાની જવાબદારી પર એમણે ગરનાળું તોડી પડાવ્યું. ગામ ઊગરી ગયું. ત્યાંથી વરસતા વરસાદમાં છાતી સમાણાં પાણી ખૂંદતા-ખૂંદતા મહારાજ નજીકના વટાદરા ગામે પહોંચ્યા. ત્યાં વરસાદથી અનેક મકાનો પડી ગયાં હતાં. મહારાજે દોરડાની મદદથી લોકોને નજીકના ઊંચાણવાળા ભાગ પર પહોંચાડ્યાં. વરસાદમાં પલળતાં પલળતાં અને ટાઢે ધ્રૂજતાં ધ્રૂજતાં મહારાજે કોઈના પડતા ઘરને ટેકા ગોઠવ્યા તો કોઈને સલામત સ્થળે ખસેડવાના કામમાં લાગી ગયા. લોકો તો એમને ભગવાનનો અવતાર માનતા.

તો વળી કૉલેરા જેવો ચેપી રોગ ફાટી નીકળ્યો ત્યારે પણ મહારાજ રોગાઓની વહારે ધસી જાય. ઈ. સ. 1941ની વાત છે. મહારાજે છાપામાં સમાચાર વાંચ્યા કે કલોલ ગામમાં કૉલેરા ફાટી નીકળ્યો છે અને માણસો ટપોટપ મરે છે. મહારાજ ત્યાં પહોંચી ગયા. ત્યાંની ગંભીર પરિસ્થિતિ જોઈ તેઓ અમદાવાદ આવ્યા અને કેટલાક સ્વયંસેવકોને સાથે લઈ કૉલેરાના રોગીઓની સેવા કરવા કલોલ પહોંચી ગયા. ગામના લોકો અંધશ્રદ્ધાને લીધે દવાખાનામાં જાય નહિ. કૉલેરાના વિસ્તારમાં ફરીફરીને મહારાજ સહુને સમજાવે અને દર્દીઓને દવાખાને લઈ જાય. એમનાં ઝાડાઊલટી સાફ કર્યાં. દવાઓ આપવી, લોકોને સમજાવવા, સ્વયંસેવકો અને ડૉક્ટરોની વ્યવસ્થા કરવી - આ બધાં જ કામોમાં મહારાજ જાતને પણ ભૂલીને એકરૂપ થઈ જતા. આવે વખતે એ મૃત્યુની પણ પરવા કરતા નહિ.

દુષ્કાળ પડ્યો છે એમ સાંભળતાં જ મહારાજ ત્યાં મદદે પહોંચી જાય. એકવાર બનાસકાંઠા જિલ્લામાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે મહારાજ ત્યાં પહોંચી ગયા. આ પ્રદેશમાં લોકો પાણી માટે વલખાં મારતા હતા ત્યારે મહારાજે ગામડે-ગામડે ફરી, દિવસરાત પરિશ્રમ કરી કૂવાઓ અને બોરિંગ કરાવ્યાં. લોકોને એટલી બધી રાહત થઈ ગઈ કે તેઓ મહારાજને ‘બોરિંગવાળા મહારાજ’ના નામે ઓળખાવા લાગ્યા હતા.

અરે, એ તો હજુ ઠીક, પણ જ્યારે માણસો હેવાન બની અંદરોઅંદર લડે, કાપાકાપી થાય, હુલ્લડ થાય ત્યારે પણ જાનને જોખમે મહારાજ ત્યાં પહોંચી જાય. ઈ. સ. 1941 અને 1946માં અમદાવાદમાં મોટાં હુલ્લડો ફાટી નીકળેલાં. મહારાજ તો નિર્ભય બની સૂમસામ શેરીઓમાં ફરતા અને લોકોને સમજાવતા. હિન્દુ કે મુસલમાન - બધા જ મહારાજની વાત શાંતિથી સાંભળતા અને એમને આદર આપતા. હુલ્લડમાં મૃત્યુ પામેલા લોકોનાં શબનો અગ્નિસંસ્કાર પણ મહારાજ જાતે કરતા.

આવા તો અનેક પ્રસંગો મહારાજના જીવનમાંથી જડી આવશે. આ બધા જ પ્રસંગોએ મહારાજની માનવતાનાં, એમની અપાર હિંમતનાં, એમની અજોડ સેવાવૃત્તિનાં દર્શન થાય છે. આમ, છતાંય મહારાજે કદી પોતાનાં કામોનો ઢંઢેરો પીટ્યો નથી. જાત-જાહેરાતથી તો એ સદાય દૂર જ ભાગે. મૂંગામૂંગા સેવા કરવી એ જ એમનો જીવનધર્મ હતો. આથી જ તો એમને સૌ ‘મૂકસેવક’ તરીકે ઓળખે છે. સોમું વરસ ચાલતું હતું ત્યારે મહારાજનો સ્વર્ગવાસ થયો.

## શબ્દસમજૂતી

**મૂકસેવક** - જાહેરાત, પ્રસિદ્ધિ કે પ્રશંસાની ઇચ્છા વગર ચૂપચાપ સેવા કરનાર **બિરુદ** - કદરરૂપે લોકોએ આપેલું નામ કે ઉપનામ **નાનપ** - હીનતા, નાનમ **મહિમાવંતું** - ગૌરવવાળું, **ઝળકવું** - ઝળહળી ઊઠવું **વિલાયતી** - પરદેશી બનાવટનું **કાચુંપોચું** - (અહીં) ડરપોક **નિર્ભય** - નીડર **કોતર** - નદીકિનારાની બખોલો **ગરનાળું** - પાણી વહી જાય તે માટે બાંધેલો સાંકડો માર્ગ **છાતીસમાણું** - છાતી સરખું **કરો** - ઘરની બાજુની દીવાલ, ભીંત **વહારે** - મદદે **સ્વયંસેવક** - કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર **બોરિંગ** - જમીનમાં શારડી ઊતારી પાણી-તેલ વગેરે કાઢવાની ક્રિયા **શાર-કામ** - (અહીં) એ રીતે તૈયાર કરેલો 'બોર', કૂવો **હેવાન** - (અહીં) દુર્ગુણોવાળો માણસ **જીવનધર્મ** - જીવનનું મુખ્ય કર્તવ્ય.

## રૂઢિપ્રયોગો

**જોતરાઈ જવું** - કામચોરી વિના કામે લાગવું **દિલ દઈને** - ખૂબ ઉત્સાહ અને ધગશથી **(કામમાં) આત્મા રેડી દેવો** - પૂરેપૂરી લગનથી કામ કરવું **પગરણ માંડવાં** - શરૂઆત કરવી **માથે ઉપાડી લેવું** - જવાબદારી લેવી **દિલ દ્રવી ઊઠવું** - ખૂબ દુ:ખ થવું **માંડી વાળવું** - કામ બંધ કરવું **પાછી પાની કરવી** - પાછા હઠવું.

## ભાષાસજ્જતા

- **શબ્દકોશનો ઉપયોગ**

વાંચતાં વાંચતાં કોઈ એવો શબ્દ આવે જેનો અર્થ આપણને ન આવડતો હોય તો તેનો અર્થ કેવી રીતે જાણવો ? પાઠ્યપુસ્તકમાં તો આવા અઘરા શબ્દોની સમજૂતી પાઠ નીચેના શબ્દાર્થમાં આપી હોય છે, પણ બીજાં પુસ્તકોમાં એવું ન હોય. અઘરા શબ્દોના અર્થ જાતે પણ મેળવી શકાય છે. શબ્દોના અર્થ શોધવા માટે 'શબ્દકોશ' ઉપયોગી છે. શબ્દકોશમાં શબ્દોને ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવેલા હોય છે.

**1.** શબ્દોને પ્રથમ બારાક્ષરી પ્રમાણે તેમજ કક્કાવારીના ક્રમમાં ગોઠવવામાં આવે છે.

બારાક્ષરીનો ક્રમ : અ, અં, આ, ઈ

કક્કાનો ક્રમ : ક, ખ, ગ, ઘ

**2.** શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ'થી શરૂ થતાં છેલ્લે 'હ'થી શરૂ થતા શબ્દો આવશે. 'ક્ષ' એ 'ક્' અને 'ષ'નો જોડાક્ષર હોવાથી 'ક્ષ'થી શરૂ થતા શબ્દો 'ક'ના ક્રમમાં આવે છે.

'જ્ઞ' એ 'જ્' અને 'ઞ'નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ'થી શરૂ થતા શબ્દો 'જ'ના ક્રમમાં આવે છે.

**3.** 'ક'થી 'હ' સુધી અક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવાય છે. 'ક'નો આવો ક્રમ નીચે પ્રમાણે થાય છે :

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કે, કૅ, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં, ક્ય, ક્ર, ક્રં .....

**4.** શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આગળ વધવું. દા.ત. વિષય, વિષમ, વિપદમાં 'વિ' સમાન છે. 'ષ' અને 'પ'માં 'પ' આગળ આવે, આથી પહેલો શબ્દ 'વિપદ' આવે. બાકીના બે શબ્દોમાં 'વિ' અને 'ષ' સમાન છે તેથી ત્રીજા અક્ષર 'ય' અને 'મ'માં આગળ 'મ' આવે. આમ, આ શબ્દોનો ક્રમ આ પ્રમાણે આવે : વિપદ, વિષમ, વિષય.

**5.** જે-તે અક્ષરનો બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડાનાર અક્ષરોના ક્રમ પણ કક્કા પ્રમાણે નક્કી થાય છે. જેમ કે, 'સ્મિત' અને 'સ્થિર'માં 'સ્થિર' પછી 'સ્મિત' આવે.

**6.** સ્વરોનો ક્રમ પણ બારાક્ષરીના ક્રમ પ્રમાણે નક્કી થાય છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યું ? ☐

(ક) રાજાએ (ખ) બ્રાહ્મણોએ

(ગ) લોકોએ (ઘ) બહારવટિયાઓએ

(2) ધીમેધીમે રાજકીય પ્રવૃત્તિને સ્થાને મહારાજના જીવનમાં શાનો પ્રવેશ થયો ? ☐

(ક) રાજસત્તાનો (ખ) લોકપ્રવૃત્તિનો

(ગ) ધાર્મિક પ્રવૃત્તિનો (ઘ) આર્થિક પ્રવૃત્તિનો

(3) રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કોણે કહ્યા છે ? ☐

(ક) ગાંધીજીએ (ખ) ઝવેરચંદ મેઘાણીએ

(ગ) મહેન્દ્ર મેઘાણીએ (ઘ) ધીરુભાઈએ

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક એક વાક્યમાં આપો :**

(1) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો ?

(2) મહારાજ કામ કરવાની કઈ ખૂબી ધરાવતા હતા ?

(3) જોગણ ગામમાં મહારાજે શું જોયું ?

(4) મહારાજ 'મૂકસેવક' તરીકે શા માટે જાણીતા છે ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કેમ મળ્યું ?

(2) ઝવેરચંદ મેઘાણીએ મહારાજને 'માણસાઈના દીવા' કેમ કહ્યા ?

(3) મહારાજ કઈ-કઈ આપત્તિ સમયે મદદે દોડી જતા ?

E2J9P4

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) રવિશંકર મહારાજના બાળપણનાં કયા સંસ્કારોએ તેમના પર અસર કરી ?

(2) મૂકસેવક મહારાજે લોકસેવકનાં કયાં-કયાં કાર્યો કર્યાં ?

(3) રવિશંકર મહારાજનાં કાર્યોથી સમાજના લોકોને શો લાભ થયો ?

(4) રવિશંકર મહારાજની હિંમતનાં દર્શન કયા પ્રસંગમાં થાય છે ?

(5) રવિશંકર મહારાજનો જીવનમંત્ર શો હતો ?

(6) 'મહારાજ' શબ્દના જુદા-જુદા અર્થ લખો.

(7) દિવસરાત, અંધશ્રદ્ધા, ઝાડાઊલટી, જીવનધર્મ - આ શબ્દો સાથે સાથે કેમ લખાય છે ?

**2. સૂચના પ્રમાણે લખો :**

(1) પાઠમાં વપરાયેલ શબ્દો ગામડેગામડે, કાચોપોચો જેવા બીજા શબ્દો શોધીને લખો. આ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

(2) બે વાક્યો વચ્ચે 'અને', 'પણ', 'પરંતુ' જેવા શબ્દો મૂકી અર્થપૂર્ણ ફકરો બનાવો.

(3) તમે લખેલ ફકરો વર્ગ સમક્ષ વાંચો.

**3. નીચેના કોષ્ટકમાંથી અર્થપૂર્ણ શબ્દ બનાવી શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ | મ | સ | લ | ન | મૂ |
| ન | હા | ર | જ | ક | શ |
| ક | રા | સ | સે | હ | ન |
| ર | જ | વ | ત | દ | ખ |
| ત | ક | ણી | ક | ક | ન |
| ર | ઢ઼ુ | પૂ | જય | દા | દા |

**4.** તમારા વિસ્તારની પરોપકારી વ્યક્તિ વિશે પાંચ-સાત વાક્યો લખો.

**5.** તમે કોઈને મદદરૂપ થયાં હોવ તે પ્રસંગ વિશે લખો.

**6. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ? વિચારો અને લખો :**

(1) તમે રસ્તા પર જતા હોવ અને અકસ્માત થયેલો જુઓ તો...

(2) રમતાં-રમતાં તમારા મિત્રને ઈજા થાય તો...

(3) પૂર આવે તો...

(4) તમારી નજર સામે ક્યાંય અચાનક આગ લાગે તો...

**7. નીચેના વિશે ચારપાંચ વાક્યો લખો :**

(1) ફાયરબ્રિગેડ

(2) 108 ઍમ્બ્યુલન્સ સર્વિસ

(3) આપત્તિ વ્યવસ્થાપન કચેરી (ડિઝાસ્ટર મૅનેજમેન્ટ)

(4) સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO)

(5) ડૉક્ટર

**8. નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો :**

(1) નદીકિનારા પાસેની બખોલો

(2) પાણી આવવા જવા માટે બાંધેલો સાંકડો માર્ગ

(3) ઘરની બાજુની દીવાલ

(4) કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર

(5) જીવનનું મુખ્ય કર્તવ્ય

**પ્રવૃત્તિઓ**

- ઝવેરચંદ મેઘાણી લિખિત 'માણસાઈના દીવા' પુસ્તક વાંચો.
- આપત્તિ-વ્યવસ્થાપન કચેરી વિશે તમારા શિક્ષણ અને વડીલો પાસેથી માહિતી મેળવો.

•

# પુનરાવર્તન 1

**1. તમારા શિક્ષક પાસેથી વાર્તાચિત્રો મેળવી નીચે મુજબની પ્રવૃત્તિઓ કરો :**

(1) ચિત્રોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(2) ગોઠવેલાં ચિત્ર અનુસાર એક-બે વાક્યો લખો.

(3) વાક્યોને વાર્તામાં ઢાળો.

(4) વાર્તાનું મુખવાચન કરો.

**2. નીચેના મુદ્દાઓ પરથી વાર્તા લખો :**

હરણ અને કાગડો - મિત્ર - જંગલમાં સાથે - એકબીજા વિના ન રહેવું - મિત્રનું માનવું - શિયાળનું આવવું - કાગડાને સમજ આવી જવી - હરણને વાત કરવી - શિયાળની લાલચ - હરણને ફસાવવું - કાગડાની ના - હરણનું ન માનવું - જાળમાં ફસાવું - મિત્રની વાત યાદ આવવી - કાગડાનું આવવું - બચી જવું.

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ? ☐

(ક) વેદોની (ખ) કૃષ્ણની (ગ) દેવોની (ઘ) પુણ્યની

(2) વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર શાની સ્થાપના કરવાની હતી ? ☐

(ક) પરમેશ્વરની (ખ) મૂર્તિની (ગ) ચિત્રની (ઘ) ગણપતિની

(3) રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કોણે કહ્યા છે ? ☐

(ક) ગાંધીજીએ (ખ) ઝવેરચંદ મેઘાણીએ

(ગ) મહેન્દ્ર મેઘાણીએ (ઘ) ધીરુભાઈએ

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) ચિત્રમાં કોણ કોણ નજરે પડે છે ?

(2) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

(3) શિલ્પી શું કરી રહ્યો હતો ?

(4) જોગણ ગામમાં મહારાજે શું જોયું ?

(5) રવિશંકર મહારાજનો જીવનમંત્ર શો હતો ?

(6) શિલ્પીએ પહેલી મૂર્તિ પડતી કેમ મૂકી ?

**5. નીચેના વિશે પાંચ-સાત વાક્યો લખો :**

(1) કોઈ એક રમતવીર

(2) કોઈ એક વૈજ્ઞાનિક

(3) કોઈ એક સમાજસેવક

**6. તમારી દિનચર્યા લખો.**

**7. વિચારકોએ આપેલી સૂક્તિઓ લખો.**

**ઉદાહરણ** : "ઊઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો." - **સ્વામી વિવેકાનંદ**

**8. નીચેના શબ્દોના અર્થ આપી, વાક્યપ્રયોગ કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાણી | - | પાણિ | ઉદર | - | ઉંદર |
| ગુણ | - | ગૂણ | ગોળ | - | ગૉળ |
| ચિર | - | ચીર | મોર | - | મૉર |

**9. રોજિંદા વ્યવહારમાં બોલાતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવીને તેનો વાક્યપ્રયોગ કરો.**

**ઉદાહરણ** : ટેબલ

**વાક્ય** : હોમવર્ક કરવા માટે મારા ઘરે મોટું ટેબલ છે.

**10. નીચે જેવા શબ્દો શોધી તેનો વાક્યમાં પ્રયોગ કરો :**

**ઉદાહરણ** : કાચોપોચો, નરમગરમ

**11. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

યંત્ર, કર્તવ્ય, જીવનમંત્ર, કિનારો, પ્રસંગ, દુષ્કાળ, આરોગ્ય, મૂર્તિ, સ્વ-મૂલ્યાંકન.

# 5 મહેનતની મોસમ

**નાથાલાલ દવે**

**જન્મ : 3-6-1912, મૃત્યુ : 25-12-1993**



નાથાલાલ ભાણજી દવેનો જન્મ અમરેલી જિલ્લાના ભુવા ગામમાં થયો હતો. શિક્ષણક્ષેત્રે શિક્ષક, આચાર્ય તેમજ શિક્ષણાધિકારી તરીકે તેમણે પોતાની સેવાઓ આપી હતી. 'કાલિંદી', 'જાહ્નવી', 'અનુરાગ', 'પિયાબિન' એમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. નર્મમર્મ અને કટાક્ષજનિત હાસ્યથી ગુજરાતી કવિતાને તેમણે સમૃદ્ધ કરી છે. રમ્ય શબ્દચિત્રો, ભાવનું માધુર્ય, છંદો, ગેયઢાળો પરનું માધુર્ય એમની કવિતાનો વિશેષ છે.

કવિએ પાક લણવાની ઋતુને 'મહેતનની મોસમ' કહી છે. વરસાદ પછી કુદરત સોળે કળાએ ખીલી ઊઠે છે. વરસાદ સારો થાય ને પાક સારો ઊતરે તો શ્રમજીવીઓના જીવનમાં કેવો ઉલ્લાસ પ્રગટે છે તેની સરસ અભિવ્યક્તિ આ કાવ્યમાં જોવા મળે છે.

સોનાવરણી સીમ બની
મેહુલિયે કીધી મ્હેર રે
ભાઈ ! મોસમ આવી મહેનતની.
નદિયુંનાં જલ નીતર્યાં
લોકોમાં લીલાલ્હેર રે... ભાઈ ! મોસમ૦



લીલો કંચન બાજરો

ને ઊજળો દૂધ કપાસ રે... ભાઈ ! મોસમ૦

જુવાર લોથે લૂમેઝૂમે

ને હૈયામાં હુલ્લાસ રે... ભાઈ ! મોસમ૦

ઉપર ઊજળા આભમાં

કુંજડિયુંના કિલ્લોલ રે... ભાઈ ! મોસમ૦

વાતા મીઠા વાયરા

ને લેતા મોલ હિલોળ રે... ભાઈ ! મોસમ૦

લિયો પછેડી દાતરડાં

આજ સીમ કરે છે સાદ રે... ભાઈ ! મોસમ૦

રંગેસંગે કામ કરીએ

થાય મલક આબાદ રે... ભાઈ ! મોસમ૦

લીંપીગૂંપી ખળાં કરો

લાવો ઢગલેઢગલા ધાન રે... ભાઈ ! મોસમ૦

રળનારો તે માનવી

ને દેનારો ભગવાન રે... ભાઈ ! મોસમ૦

## શબ્દસમજૂતી

**સોનાવરણી** - સોના જેવા રંગવાળી **મોસમ** - ઋતુ **નદિયું** - નદીઓ (સૌરાષ્ટ્રમાં બહુવચનનો પ્રયોગ) **નીતર્યાં** - ચોખ્ખાં **લીલો કંચન** - સંપૂર્ણ લીલો, તાજો અથવા સોના જેવો મૂલ્યવાન **લોથો** - જુવારનું કણસ **હુલ્લાસ** - ઉલ્લાસ, કશુંક ગમતું માણવાનો સમૂહનો તરવરાટ **કુંજડિયું** - એક પ્રકારના પક્ષીનું નામ; કુંજડી **કિલ્લોલ** - આનંદ **હિલોળ** - ઝૂલવું તે **પછેડી** - ઓઢવા, પાથરવા, પાક બાંધવા માટે વપરાતું ચાદર જેવું જાડું કપડું **દાતરડાં** - પાક કાપવા, લણવા માટેનાં ઓજાર **મલક** - પ્રદેશ **ખળાં** - કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા **રળનારો** - કમાનારો

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કવિએ કઈ મોસમને 'મહેનતની મોસમ' કહી છે ? ☐

(ક) લણવાની (ખ) વસંતઋતુની (ગ) ચોમાસાની (ઘ) શિયાળાની

(2) વરસાદ વરસ્યા પછી સીમ કેવી બને છે ? ☐

(ક) કંકુવરણી (ખ) સોનાવરણી (ગ) ઘઉંવરણી (ઘ) રક્તવરણી

(3) કિલ્લોલ કોણ કરે છે ? ☐

(ક) ચકલીઓ (ખ) પંખીઓ (ગ) મોર (ઘ) કુંજડિયો

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) 'મહેનતની મોસમ' કાવ્યના કવિનું નામ જણાવો.

(2) લોકોના હૈયામાં શા માટે આનંદ છવાઈ ગયો છે ?

(3) સીમ કોને સાદ કરે છે ?

(4) સીમમાં શું શું લઈ જવા કહ્યું છે ?

Y6S7T9

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) 'સીમ સાદ કરે' એટલે શું કરે ? શા માટે સાદ કરે ?

(2) લીંપી-ગૂંપીને ખળાં શા માટે કરવાં પડે ?

(3) મલકને આબાદ કરવા કવિ શું સૂચવે છે ?

**2. ઊજળું દૂધ જેવું, લીલું કંચન જેવું – આ શબ્દપ્રયોગો પર ધ્યાન આપો. નીચેના શબ્દો માટે આવા શબ્દપ્રયોગો આપો.**

- સફેદ .................... જેવું
- કાળું .................... જેવું
- રાતું .................... જેવું
- મીઠું .................... જેવું
- કડવું .................... જેવું
- કૂણું .................... જેવું

**3. નીચેના શબ્દોનો વાક્યપ્રયોગ કરો :**

(1) સીમ (2) નદી (3) આભ

(4) મોલ (5) મલક (6) રળનારો

**4. નીચેની કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો :**

(1) સોનાવરણી સીમ બની
મેહુલિયે કીધી મ્હેર રે ....

(2) રંગેસંગે કામ કરીએ
થાય મલક આબાદ રે ....

**5. 'ખેતીનું મહત્ત્વ' વિશે પાંચ-સાત વાક્યો લખો.**

## પ્રવૃત્તિઓ

- વર્ષાગીત અંક, કૃષિગીત અંક અને ઋતુગીત અંક તૈયાર કરો.
- આ કાવ્યને કંઠસ્થ કરી કાવ્યપઠન કરો.

K4I2Q4

# 6 લેખણ ઝાલી નો રહી

જોરાવરસિંહ જાદવ

જન્મ : 10-1-1940



જોરાવરસિંહ દાનુભા જાદવ ધંધુકા તાલુકાના આકરુ ગામના વતની છે. લોકસાહિત્યક્ષેત્રે સંશોધન-સંપાદનમાં એમને વિદ્યાર્થીકાળથી જ રસ હતો. એમણે અત્યાર સુધીમાં લોકસાહિત્યની વિવિધ કથાઓને અનેક પુસ્તકોરૂપે પ્રકાશિત કરી છે. 'મરદ કસુંબલરંગ ચડે', 'આપણા કસબીઓ', 'મરદાઈ માથા સાટે', 'લોકજીવનનાં મોતી' વગેરે એમનાં લોકકથાનાં, લોકજીવન અને લોકસંસ્કૃતિને સ્પર્શતાં વિવિધ વિષયોનાં પુસ્તકો છે.

ભાલપંથકની આ લોકકથામાં કહળસંગે કરેલી ડાંડાઈનો બદલો હરખચંદ કેવી યુક્તિથી વાળે છે, તેનો તાદૃશ્ય ચિતાર મળે છે. આ લોકકથામાં માનવસ્વભાવની વિષમતાનો પરિચય મળે છે. લેખકે ભાલ પંથકના તળપદા શબ્દોનો સુંદર વ્યાવહારિક વિનિયોગ ભાષાકર્મનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે.

ગુજરાત અને સૌરાષ્ટ્રના સીમાડાને અડીને ભાલ અને કનેર પંથક પાઘડીપને પથરાયેલા છે. કુદરતની અમીદૃષ્ટિ ઓછી હોવાને કારણે એના માટે આદિકાળથી એક કહેવત કહેવાતી આવી છે : 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ.' આવી ઝાડ-પાન વિનાની વેરાન ધરતીને માથે કબૂતરના માળા જેવું નાનું એવું ગામડું ગામ છે. ગામમાં રાજપૂત, દરબાર કણબી, ભરવાડ અને વસવાયા વરણનાં પાંચસો એક ખોરડાં છે. બે એક ખોરડાં વાણિયા અને બ્રાહ્મણનાં છે.

ઉનાળો ધરતી પરથી ઉચાળા ભરવા માંડે, ચોમાસાનાં પગરણ મંડાય અને ભારે વરસાદ તથા વાઝડીથી ગાડામારગ બંધ થઈ જાય છે. મોર્ય ગામના ખેડૂતો તાલુકામથકે હટાણું કરવા જતા અને ત્રણ-ચાર મહિના ચાલે એટલી જીવનજરૂરિયાતની, ખેતીની અને ઘરવપરાશની સટરપટર ચીજ જણસોની ખરીદી કરી ઘરમાં સંઘરી રાખતા એ સમયની વાત છે. મહેનતમજૂરી કરી બે પાંદડે થયેલા કહળસંગ ગાડું જોડીને ધંધૂકે હટાણું કરવા ગયા છે. સુલેમાન ઘાંચીની ઘાણીએથી બેત્રણ ડબા તલના તેલના, મોદીની દુકાનેથી દેશી ગોળની ભેલિયું, દાળ, ચોખા, મીઠું, મરચાં, લસણ, ડુંગળી અને બટેટાના કોથળા ને બીજું આઘુંપાછું ખરીદ કરી ગાડામાં મૂક્યું. રાંઢવાનો ભરડો દઈને ગાડું ગામના મારગે વહેતું કર્યું ત્યાં બેમણ કપાસિયાનો કોથળો માથે મૂકીને પવનના વંટોળિયાની જેમ વહ્યા આવતા હરખચંદ શેઠે સાદ દીધો.

'એ... ઈ કહળસંગભાઈ ! ઘડીસાત બળદિયાને તાણી ઝાલોને ! આ કપાસિયાનું બચકું ઘર લગી લેતાં જાવ ને.'

'હરખચંદ શેઠ, બળદિયાના ગજા ઉપરાંતનો ભાર આજ ગાડામાં ભર્યો છે, ઈમાં તમારો કપાસિયાનો કોથળો ક્યાંથી હાલશે ?'

'ભૈશાબ, કપાસિયા ભર્યે કોઠી થોડી જ ફાટી જાય ? ભલા થઈને આટલું બાચકું લેતા જાવ !'

'હરખચંદ શેઠ, ગામમાં હાટડી માંડીને બેઠા છો તો માલ લઈ જાવા આગવું ગાડું ભાડે કરી લેતા હો તો ? નરી વાણિયાવિદ્યા જ વાપરો છો !'

'ભઈલા, આજ તો હાટની ખરીદી કાંઈ ન હોત. વૈદ્યનાં પડીકાં લેવા આવ્યો હતો, પણ થ્યું કે ઘરે ગાય વિયાય એવી છે ને અહીં સુધી આવ્યો છું તો, લાવને કપાસિયાનું બાચકું નાખતો જાઉં. ગાડાવાળા કોઈને કોઈ હરિના લાલ મળી રહેશે.'

'શેઠિયા ! તમે નેવાનાં પાણીએ હાથ ધોવો છો ને ? કાયમ મફતિયું કોણ લઈ જાય ? કો'ક દિ નાણાંભીડ હોય ને ઉછીનું ઉધાર લેવા આવીએ ત્યારે તો હાટડીએથી હેઠાં ઉતારી દ્યો છો, ઈ સાંભરે છે ! ઓલ્યું કહે છે ને કે 'આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે', સમજ્યા ?'

'કહળસંગભૈ, ઉધારે તો આખી હાટડી દઈ દેવી પણ વખતસર ચોપડા ચોખ્ખા કરવા જોવીને ! ત્રણ-ત્રણ વરહ લગી નાણાં ભરો નહીં ને ઉઘરાણી કરીએ ત્યારે આંખો કાઢો ઈમ હાલતું હશે ? અમારેય આગળ પેટ છે ને !' આ સાંભળીને કહળસંગે મનમાં ગાંઠવાળી કે વાણિયો આજ માંડ ઘાએ ચડ્યો છે. હિંગતેલ હમણાં કાં ફાટીને ધૂવાડે વઈ ગયો છે. ગામમાં કોઈનીય શરમ ભરતો નથી. આજ ઈને ધોળે દા'ડે તારા નો બતાડું તો મારું નામ કહળસંગ નઈ.'

ગાડા ઢૂંકડો આવીને હરખચંદ વાણિયો ગાડામાં કોથળો નાંખવા જાય છે, ત્યાં તો બળદોને ડચકારો કરી કહળસંગે ગાડું હાંકી મૂક્યું. મોર્ય ગાડું ને વાંહે હરખચંદ શેઠ બજાર સોંસરવા થઈને છેક ગામની ભાગોળે આવ્યા. શેઠિયે રાડ્ય પાડી : 'એ...ઈ કહળસંગભૈ ! ઘડીવાર બળદોને તાણી ઝાલોને ! માથે અઢી બે મણ ભાર છે ઈતો જુઓ.'

'શું કરું શેઠ ! આ સંધિયા બળદિયા બઉ પાણિયાળા છે. ઘર ભણી વહેતા થિયા પછી તાણી ઝાલ્યા રહેતા નથી.' એમ કહેતાં કહળસંગે ગામભણી ગાડું હાંકી મૂક્યું.

હરખચંદ શેઠ ઢીલા પગે ને વીલા મોઢે કરામતી કહળસંગના ગાડાને જતું જોઈ રહ્યા. બળદ તાણી ઝાલ્યા રહેતા નથી ઈ વેણ ચતુર વાણિયાના મનમાં ક્યાંય સુધી ઘૂમરીઓ લઈ રહ્યા. એમને

ભીંત સોસરવું સૂઝ્યું કે કહળસંગ નરાતાર ડાંડાઈ કરી છે. પછી એમનાથી બબડી જવાયું : માહળા રજપૂતે કરી છેને કાંઈ ?'

કપાસિયાનો કોથળો માથે લઈને હરખચંદ ભાંગેલ પગે બજારમાં પાછા ગયા. આ વાતને માથે થઈને વરસેકનાં વહાણાં વાઈ ગયાં, પણ મદારીના કરંડિયામાં સાપ જેમ ગૂંચળું વળીને પડ્યો રહે એમ આ વાત એમના લમણામાં રહી ગઈ.

એવામાં કુદરતને કરવું તે કહળસંગના બાપુ ગુજરી ગયા. ગામમાં કોઈ ભણેલું ન મળે. કોઈનો કાગળ આવ્યો હોય તો હરખચંદની હાટે વંચાવા જવું પડતું. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.' ગામ આખું અંગૂઠાછાપ એટલે હરખચંદનો ભાવ પૂછાય. કોઈના દસ્તાવેજ લખવા હોય, ખાતું પાડવું હોય કે સારા-ભલા અવસરે કંકોત્રી લખવી હોય કે માઠા પ્રસંગે કાગળ લખવા હોય તો હરખચંદ શરમના માર્યા કામ કરી દેતા.



કહળસંગે હરખચંદ શેઠને બે હાથ જોડીને કાળોત્રીના કાગળ લખવા બોલાવ્યા. શેઠને મનમાં થયું કે તે દિ'તો બાપુના બળદિયા તાણી ઝાલ્યા રહેતા નહોતા ને આજ મેલાના કાગળ લખવા બોલાવે છે ? ઠીક લાગમાં આવ્યા છે. આજ ઈને ભાલિયે નો ભરાવી દઉં તો મારું નામ હરખચંદ નઈ. આમ વિચારીને શેઠ કાગળ લખવા બેઠા.

કહળસંગે એમના બાપુનું કારજ પાંચમનું રાખેલું. શેઠિયાએ થોડાક કાગળ પાંચમના, થોડા છઠના, થોડા સાતમ, આઠમ અને નોમના તથા થોડા દસમ, અગિયારસની તિથિના લખીને જાવા દીધા.

પછી તો ભાઈ એક દિવસનું કારજ હતું ઈ લગાતાર સાત દિવસ ચાલ્યું. ઓલ્યા જાય ને ઓલ્યા આવે. ઓલ્યા જાય ને ઓલ્યા આવે.

કહળસંગના કુટુંબવાળા સંધાય વિચારમાં પડી ગયા કે : 'મહાળું આ ચ્યમનું વેતરાણું છે ?'

'અલ્યા, મેલાના કાગળ કોની પાંહે લખાવ્યા'તા ?'

'કાગળ તો હરખચંદ શેઠે લખી દીધા હતા.'

'ઈ તો ડાહ્યું મનેખ છે. ઈ ઊઠીને આવી ભૂલ ના કરે હોં ?'

'શેઠિયાને બોલાવીને પૂછો તો ખબર પડે ને ! આ તો ખમતીધર ખોરડું છે, પણ કોઈ મોળાપાતળા માણહનું ખોરડું હોય તો ખેતર વેચવા વારો આવે કે, બીજું કાંઈ ?'

હરખચંદ શેઠને તેડું મોકલ્યું.

હાથમાં ધોતિયાનો છેડો ઝાલી, કાને લાંબી લેખણ ખોસી, માથે રાતી પાંચાળી પાઘડી અને પગમાં મોજડી પહેરી શેઠ કહળસંગના ફળિયે આવ્યા. સૌ પૂછવા લાગ્યાં :

'હરખચંદભાઈ, આ ચ્યમનું બફાણું છે ?'

શેઠિયાએ ઠાવકું મોં કરી માંડીને વાત કરી :

'સાંભળો ભાઈઓ... વરહ દિ'મોર્યની વાત છે. કહળસંગભૈ ધંધૂકે હટાણું કરી ગાડું લઈને ગામમાં આવતા હતા. ઈ વખતે બજાર સોંસરો હું કપાસિયાનો કોથળો લઈને ઈમના ગાડામાં મૂકવા ગયો તે દિ' ઈમના પાણિયાળા સંધિયા બળદો ઝાલ્યા નહોતા રિયા, ઈમ ઈમના બાપુના કરજ ટાણે કાગળ લખતાં લખતાં મારી લેખણ ઝાલી નો રઈ. બઉ તાણી ઝાલી ખમ માને તો ને... ?

વાતડાહ્યા અનુભવીએ કહ્યું : 'હરખચંદ શેઠ ! મૃત્યુ તો વહેલુંમોડું સૌ કોઈનું આવવાનું છે પણ મોતનો મલાજો જાળવવામાં આપણી માણસાઈ છે. એ પછી સંધાયે કહળસંગને પણ ઠપકો આપ્યો. શરમની મારી એમની આંખો ભોં ખોતરવા માંડીય 'વાઢ્ય કાનને આવ્ય સાન' તે દિ'થી કહળસંગની અક્કલનું તાળું ઉઘડી ગયું, આજની ઘડીએ કાલ્યનો દિ.'

## શબ્દસમજૂતી

**સીમાડો** - ગામની હદ **પાઘડીપનો** - (અહીં) પાઘડીના જેવો વિસ્તાર (લંબાઈમાં વધારે પણ પહોળાઈમાં ઓછો) **અમીદૃષ્ટિ** - મહેરબાની, મીઠી નજર **વેરાન** - ઉજ્જડ **વસવાયા વરણ** - (અહીં) ગામ તરફથી પસાયતા (બક્ષિસ) આપી, વસાયેલી જાતિ **વાઝડી** - પવનનું વાવાઝોડું **બાચકું** - (અહીં) નાની ગાંસડી **વચાર્ય** - વિચાર **હાટડી** - નાની દુકાન **ભોં** - જમીન

**મોર્ય** - (અહીં) પહેલા **સંધિયા** - (અહીં) બળદની એક જાત **પાણિયાળા** - બળવાન **નરાતાર** - નરદમ, નર્યું **કાળોત્રી** - મૃત્યુ સમયે લખાતો પત્ર **કારજ** - મરણ પછી બારમા દિવસે થતો વિધિ **સંધાય** - બધા જ, સૌ **ખમતીધર** - સધ્ધર, પૈસાદાર **ખોરડું** - ખોલી, ઓરડી, માટીની ભીંતનું નાનું ઘર **સોંસરો** - આરપાર જવું, (અહીં) વચ્ચે થઈને

## રૂઢિપ્રયોગો

**ઉચાળા ભરવા** - ઘરબાર ખાલી કરીને નીકળી જવું કે ભાગવું **પગરણ માંડવાં** - શરૂઆત કરવી **બે પાંદડે થવું** - સુખી-સંપન્ન થવું **નેવાનાં પાણીએ હાથ ધોવા** - કોઈની ઉદારતાનો દુરુપયોગ કરવો **મનમાં ગાંઠ વાળવી** - નક્કી કરવું **ફાટીને ધુમાડે જવું** - બહુ છકી જવું **ડાંડાઈ કરવી** - કામચોરી કરવી, આળસ કરવી **વહાણાં વાઈ જવાં** - સમય જતો રહેવો **લાગમાં આવવું** - તક મળવી, બરાબર કબજામાં આવવું **તેડું મોકલવું** - નોતરું મોકલવું, બોલાવવું **ભોં ખોતરવા માંડવું** - નીચું જોઈને ઊભા રહી જવું **અક્કલનું તાળું ઉઘડવું** - બુદ્ધિ આવવી

## કહેવતો

- **કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ** - સાવ ઉજ્જડ, જ્યાં ઝાડ-પાન જોવા ન મળે.
- **આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે** - થોડુંય માન આપીએ તો સામેથી વધુ માન મળે.
- **ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન** - બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય.
- **વાઢ કાન ને આવ્ય સાન** - અનુભવે બધું સમજાય.

## ભાષાસજ્જતા

### વિરામચિહ્નો

પાંચમા ધોરણમાં તમે અલ્પવિરામ(,), પૂર્ણવિરામ (.), ઉદ્ગાર ચિહ્ન (!) અને પ્રશ્નાર્થચિહ્ન (?) વિશે જાણકારી મેળવેલી છે. અહીં આપણે અર્ધવિરામ (;), ગુરુવિરામ (:), અવતરણચિહ્ન (“ ”) વિશે જાણીએ.

### અર્ધવિરામ (;)

1. વિષયો તો બધા સારા છે; ઈચ્છો તે વિષયનો સ્વાધ્યાય કરો.
2. માને જોઈને રાજી રાજી થઈ જવાયું; જાણે સઘળું જ મળી ગયું !
3. સહુ જન જંપી ગયું; નરી નીરવતા.

જે વાક્યખંડોમાં અલ્પવિરામનો ઉપયોગ થઈ ચૂક્યો હોય તેવા વાક્યખંડોને જોડવા માટે અર્ધવિરામનો ઉપયોગ થાય છે. બીજી રીતે કહીએ તો આવાં વાક્યો બોલતી વખતે કે મોટેથી વાંચતી વખતે દરેક વાક્યખંડમાંના અલ્પવિરામ પાસે તમે અટકો (જે અટકવું ભાગ્યે જ અટકવું કહેવાય) તેના પ્રમાણમાં અર્ધવિરામના ચિહ્ન પાસે વધારે અટકવું પડે છે.

બોલચાલમાં આ બાબત તરફ આપણું ધ્યાન ભાગ્યે જ જાય છે, પરંતુ સામાન્ય રીતે લેખનની આ લાક્ષણિકતા છે એમ કહી શકાય.

### ગુરુવિરામ (:)

1. એના માટે જૂનાકાળથી એક કહેવત કહેવાતી આવી છે : 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ.'
2. એમનાથી બબડી જવાયું : 'માહળા રજપૂતે કરી છે ને કાંઈ ?'

ઉપરનાં વાક્યોમાં ગુરુવિરામનો ઉપયોગ થયો છે. વાક્ય પૂરું થયું નથી. (નહીં તો પૂર્ણવિરામ આવે.) પરંતુ એ વાક્યની સાથે જોડાયેલ એક બીજું વાક્ય હવે આવે છે તેનું સૂચન ગુરુવિરામ કરે છે. ટૂંકમાં, ગુરુવિરામનું ચિહ્ન એમ સૂચવે છે કે વાક્ય પૂરું થયું હોય એવા પ્રકારનું છે ખરું, પરંતુ હવે પછી પણ કશુંક આવે છે.

### અવતરણચિહ્ન (" ")

1. "એ....ઈ કહળસંગભાઈ ! ઘડી સાત બળદિયાને તાણીને ઝાલોને !"
2. "ભૈશાબ, કપાસિયા ભર્યે કોઠી થોડી જ ફાટી જાય ? ભલા થઈને આટલું બાચકું લેતા જાવ."

જ્યારે કોઈ વ્યક્તિએ કહેલી વાત બરાબર એના જ શબ્દોમાં કહેવાતી હોય ત્યારે અવતરણચિહ્ન વપરાય છે. વાક્યમાંથી વપરાયેલાં પદોમાંથી જે પદ કે પદોને જુદા રાખવા માંગતા હોઈએ તે પદ કે પદોની આજુબાજુ પણ આ ચિહ્ન મૂકાય છે. એની નિશાની સામાન્ય રીતે (' ') કે (" ") હોય છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ' - આ પંક્તિને શું કહેશો ? ☐

(ક) રૂઢિપ્રયોગ (ખ) કહેવત (ગ) વિચારવિસ્તાર (ઘ) કવિતા

(2) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા ?

(ક) હટાણું (ખ) ફરવા (ગ) ગામ જોવા (ઘ) ગોળ લેવા

(3) 'લેખણ ઝાલી નો રહી' પાઠના લેખકનું નામ જણાવો.

(ક) જોરાવરસિંહ જાદવ (ખ) સંતબાલ

(ગ) નાથાલાલ દવે (ઘ) કિશોરસિંહ સોલંકી

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) પાઘડીપને કયા બે પ્રદેશ પથરાયેલા છે ?

(2) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીદ્યા હતા ?

(3) કહળસંગને કોણે ઠપકો આપ્યો ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ગામના લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી કેમ કરતા ?

(2) કહળસંગે કઈ-કઈ વસ્તુઓની ખરીદી કરી ?

(3) હરખચંદના લમણામાં કઈ વાત રહી ગઈ ?

(4) હરખચંદને શા માટે શરમાવું પડ્યું ?

W8F5S6

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ભાલ અને કનેર પંથક માટે કઈ કહેવત કહેવાતી આવી છે ? શા માટે ?

(2) કહળસંગ બાચકું લેવાની ના શા માટે પાડે છે ?

(3) હરખચંદ શેઠ ગામ લોકોને શું-શું લખી આપતા ? કેમ ?

(4) અનુભવીઓએ કહળસંગને ઠપકો કેમ આપ્યો ?

**2. નીચેનાં વિરામચિહ્નોનો ઉપયોગ થયો હોય તેવું એક-એક વાક્ય પાઠમાંથી શોધીને લખો :**

(1) અર્ધવિરામ

(2) ગુરુવિરામ

(3) અવતરણચિહ્ન

**3. નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો :**

(1) પાઘડીના જેવો વિસ્તાર

(2) મૃત્યુ સમયે લખાતો પત્ર

(3) મરણ પછી બારમા દિવસે થતો વિધિ

(4) માટીની ભીંતનું નાનું ઘર

**4. તમારા વિસ્તારમાં બોલાતી કહેવતો જાણો અને લખો.**

**પ્રવૃત્તિઓ**

- સ્થાનિક વિસ્તારની કે અન્ય બીજી લોકકથાઓ મેળવી વર્ગમાં અને પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- રેડિયો-ટેલિવિઝન પર આવતા 'લોકડાયરા'ના કાર્યક્રમ સાંભળો, જુઓ અને તે વર્ગમાં કે પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- કહેવત સંગ્રહપોથી અને રૂઢિપ્રયોગ સંગ્રહપોથી તૈયાર કરો.

N3N9W3

# 7 પગલે-પગલે


**સંતબાલ**

**જન્મ : 26-8-1904, મૃત્યુ : 26-3-1982**



સંતબાલનો જન્મ મોરબી તાલુકામાં આવેલા ટોળ ગામમાં થયો હતો સંતબાલનું સંસારી નામ શિવલાલ હતું. તેઓ ક્રાંતિકારી જૈન સંત હતા. તેમણે જૈનધર્મ, ભારતીય દર્શનો તેમજ અધ્યાત્મવિષયક વિપુલ સાહિત્યસર્જન કર્યું હતું. સમાજઘડતરનાં કાર્યો કર્યાં હતાં. તેમની પ્રેરણાથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેટલીક સંસ્થાઓ મુનિશ્રીના આદર્શ પ્રમાણે કાર્ય કરી રહી છે. 'સર્વધર્મ પ્રાર્થના', 'વિશ્વવાત્સલ્ય મહાવીર', 'બ્રહ્મચર્ય-સાધના', 'ધર્માનુબંધ', 'વિશ્વદર્શન' જેવાં દસ પુસ્તકો તેમણે આપ્યાં છે.

પ્રસ્તુત શૌર્યગીત-કૂચગીતમાં કવિએ ડગલેડગલે આગળ વધવાનું કહ્યું છે. જીવનના માર્ગમાં મુશ્કેલીઓ આવે તેનો સામનો કરી જીવનપંથને ઉજાળવાનું કહેવામાં આવ્યું છે.



પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.

અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

## શબ્દસમજૂતી

**ધોમ** - સૂર્ય, સખત તડકો **ખાંડુ** - તલવાર **ધૈર્ય** - ધીરજ **દુર્ગમ** - મુશ્કેલ માર્ગ **શિસ્ત** - આજ્ઞા કે નિયમમાં રહેવું તે

## ભાષાસજ્જતા

પાંચમા ધોરણમાં તમે સંજ્ઞા (નામ) વિશે શીખી ગયાં છો. વ્યક્તિ, પ્રાણી, પદાર્થ કે વસ્તુને સૂચવે તે સંજ્ઞા કહેવાય.

**નીચે કેટલીક સંજ્ઞાઓ આપી છે તે વાંચો :**

**ઝાડ, નદી, પર્વત, સરોવર, પશુ, પંખી, નગર, ગામ, શાળા, ફૂલ**

ઉપરના આપેલા નામો (સંજ્ઞા) તે નામથી ઓળખાતા આખા સમૂહને તેમજ તેમાંના દરેકને લાગુ પડે છે. આથી તેને જાતિવાચક સંજ્ઞા કહેવાય.

આવી બીજી જાતિવાચક સંજ્ઞાઓ પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.

**નીચેની સંજ્ઞાઓ વાંચો :**

**વલ્લભભાઈ, ગાંધીજી, પ્રિયા, કબીરવડ, હિમાલય, ગંગાનદી, ભાવનગર, સુરત**

આ બધી સંજ્ઞાઓ કોઈ ચોક્કસ વ્યક્તિની તથા સ્થળની ઓળખ આપે છે. એટલે કે તે નામથી ઓળખાતી એક વ્યક્તિ અથવા એક સ્થળને જ લાગુ પડે છે. આથી તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.

આવી બીજી વ્યક્તિવાચક સંજ્ઞાઓ પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ? ☐

(ક) ધીરે ધીરે (ખ) ઉતાવળે (ગ) અંતર ઉજાળીને (ઘ) નામ ઉજાળીને

(2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું છે ? ☐

(ક) સાચવીને (ખ) ધીરજથી

(ગ) ગંભીરતાથી (ઘ) સમય-સંજોગો જોઈને

(3) કવિ કોને અજવાળવાનું કહે છે ? ☐

(ક) ઓરડાને (ખ) શેરીને (ગ) અંતરને (ઘ) ગામને

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) કવિ સ્વાર્થ સામે જોવાની ના કેમ કહે છે ?

(2) રસ્તે ચાલતાં વચ્ચે શું શું આવે છે ?

(3) કવિ સૌને શું આપવા કહે છે ?

H6X5U1

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) કવિ હિંમત ખોવાની શા માટે ના પાડે છે ?

(2) કવિ પ્રેમળતા પ્રગટાવવાનું શા માટે કહે છે ?

**2. માગ્યા પ્રમાણે કરો :**

- **સમાનાર્થી શબ્દ આપો :**

સાવધ - ....................

અજવાળું - ....................

પંથ - ....................

કાંટા - ....................

ધૈર્ય - ....................

- **વિરુદ્ધાર્થી શબ્દ આપો :**

સાવધ × ....................

અજવાળું × ....................

પ્રેમ × ....................

દુર્ગમ × ....................

સ્વાર્થ × ....................

**3. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવી તેનો શબ્દકોશમાંથી અર્થ શોધો :**

ધૈર્ય, પ્રેમળતા, શિસ્ત, પાદર, કંકર, હિંમત, પ્રસ્તુત, અપેક્ષા, ગાંસડી, જ્ઞાન, ક્ષમા, ત્રિવિધ

**4. નીચેની પંક્તિના શબ્દો આડાઅવળા થઈ ગયા છે તેને યોગ્ય ક્રમમાં ગોઠવો અને મૂળ પંક્તિ સાથે સરખાવો. શો ફેર પડ્યો ?**

(1) સાવધ પગલે રહીને પગલે જા પ્રેમળતા પ્રગટાવ્યે.

(2) ના તારી ખોતો હિંમત, જોતો સ્વાર્થ ના સામે.

**5. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો કોષ્ટકમાંથી શોધો :**

સભર, પંથ, સ્તંભ, આજીજી, નિર્ભય, જોર, ઉર, સ્મિત, કંચન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ની | ડ | ર | ભ | બ | ળ | વિ |
| જ | દ | સ્તો | ચ | ર | નં | ગ |
| ત | થા | ક | થાં | તી | પૂ | ળ |
| હૃ | દ | ય | ભ | હા | સ્ય | ર |
| ઘ | ર | પ | લો | ધા | સો | નું |

## પ્રવૃત્તિઓ

- શૌર્યગીત, કૂચગીત મેળવી અંક તૈયાર કરો. આ ગીતો વર્ગમાં કે પ્રાર્થનાસભામાં અભિનય સાથે રજૂ કરો.
- 'પ', 'ક' અને 'શ'થી શરૂ થતા શબ્દો કાવ્યમાંથી શોધો. તેના સમાનાર્થી શબ્દો આપો અને કાવ્યમાં મૂકી ગાન કરો. શો ફેર પડ્યો ? કેમ ?

F1S4J4

# 8 બિરબલની યુક્તિ

લોકોમાં જાતજાતના વહેમો અને શુકન-અપશુકનની અનેક માન્યતાઓ જોવા મળે છે. આ પાઠમાં બાદશાહ અકબરનો વહેમ ચતુર બિરબલ દૂર કરે છે. તેની ચોટદાર રજૂઆત છે. દિલ્લીમાં અકબર બાદશાહ રાજ્ય કરતા હતા ત્યારે એમના દરબારમાં બિરબલ ચતુર વજીર હતા. બાદશાહ એમને જાતજાતના કોયડા પૂછતા હતા અને બિરબલ એ કોયડા ઉકેલી આપતા હતા. બિરબલની ચતુરાઈની ઘણી વાતો છે. એમાંની એક વાત અહીં આપી છે.

એક દિવસ બાદશાહે સવારમાં ઊઠી મહેલના ઝરૂખાની નીચે નજર કરી જોયું તો એક નોકર ઝાડુથી ચોગાન વાળી રહ્યો છે. બાદશાહને જોઈ એણે ઝાડુ ઊંચુ કરી પોતાનું મોં ઢાંકી દીધું, પણ બાદશાહના મનમાં થયું કે સવારના પહોરમાં આ માણસનું મોં જોયું તેથી મારો દહાડો બગડવાનો.

વહેમનું ઓસડ નથી. દાતણપાણી કરી બાદશાહ શિરામણમાં કોળિયો હાથમાં લે છે ત્યાં તો સેનાપતિઓએ આવીને સમાચાર આપ્યા, ‘‘બાદશાહ સલામત ! આપણા રાજ્ય ઉપર બુંદેલખંડનો રાજા લશ્કર લઈ ચડી આવ્યો છે.’’ કોળિયો કોળિયાને ઠેકાણે રહ્યો. બાદશાહ હાથ ધોઈને ઊભા થઈ ગયા અને બોલ્યા, ‘‘સેના તૈયાર કરો. હું જાતે જ લડાઈમાં તમારી સાથે આવું છું. આજે સવારમાં જ એક કાળમુખાનું મોઢું જોયું છે, એટલે મારો દહાડો બગડવાનો.’’

બાદશાહ જાતે જ લશ્કરને લઈ રણમેદાન તરફ આવે છે. એવા સમાચાર મળતાં જ બુંદેલખંડનો રાજા અર્ધે રસ્તેથી પાછો ફરી ગયો. બાદશાહ પાછા ફર્યા અને ફરી જમવા બેઠા. એમને ભૂખ તો કકડીને લાગી હતી, પણ એ પાટલા પર બેઠા ન બેઠા ત્યાં તો બેગમે હાંફળાંફાંફળાં આવીને કહ્યું, ‘‘મારા ભાઈને સાપ કરડ્યો છે, એને સાપ ઉતારનારને ઘેર લઈ જવાનો છે. ચાલો જલદી જઈએ.’’

પાટલા ઉપરથી બાદશાહ ઊભા થઈ ગયા. જઈને જુએ છે તો સાળો મરી ગયો છે. એની મૈયતને કબ્રસ્તાનમાં દાટવા લઈ ગયા. એ બધું પતાવતાં સાંજ પડી. વળી પાછા ઘેર આવી બાદશાહ વાળુ કરવા બેઠા. પણ જેવો કોળિયો ભરવા જાય છે તેવામાં જ એક ગરોળી ટપ કરતી એના થાળમાં પડી. બાદશાહ બરાડી ઊઠ્યા, ‘‘કેવો કમનસીબ દિવસ છે ! આ થાળ ઉપાડી લો અને ઝટ બીજો થાળ લાવો.’’

થાળ આવ્યો અને રાજા ઊંચે શ્વાસે જમ્યા, જમતાં જમતાં એ લાલપીળા થઈ ગયા. એના મનમાં પેલો વહેમ રમ્યા કરતો હતો. એમણે હુકમ કર્યો, ‘‘જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળને, આજ સવારમાં એનું મોઢું જોયું છે ત્યારથી આ કમનસીબી ઊભી થઈ છે. એને કેદમાં પૂરી દો અને સવારે એને ફાંસીએ ચડાવી દેજો.’’

સિપાઈઓએ પેલા બિચારા નોકરને પકડ્યો. રસ્તામાં એની પાછળ એની પત્ની, છોકરાં અને સગાંવહાલાં તથા નાતીલાં રોકકળ કરતાં ચાલતાં હતાં. વચમાં બિરબલનું ઘર આવ્યું. રોકકળનો અવાજ સાંભળી બિરબલ બહાર આવ્યા અને એમણે પૂછપરછ કરીને બધી હકીકત જાણી લીધી. એણે પેલા કમનસીબ માણસને બાજુએ બોલાવી કાનમાં ધીમેથી કંઈક કહ્યું. બિરબલની વાત સમજી લઈને ઝાડુવાળો સિપાઈઓ સાથે આગળ ચાલ્યો.

બીજી સવારે એને ફાંસી દેવા માટે માંચડા પર ચડાવવામાં આવ્યો. તે વેળાએ એને એની છેલ્લી ઇચ્છા શી છે તે પૂછવામાં આવ્યું. એ બોલ્યો, ''મારી છેલ્લા ઇચ્છા બાદશાહ સલામતનાં દર્શન કરવાની છે.''

એની છેલ્લી ઇચ્છા પૂરી કરવા એને બાદશાહ પાસે લઈ જવામાં આવ્યો. બિરબલ તે સમયે બાદશાહની પાસે જ ઊભા હતા. બાદશાહે કહ્યું, ''અલ્યા, તારું અપશુકનિયાળ મોં મેં ગઈ કાલે સવારે જોયું એટલે મારો આખો દિવસ બગડ્યો. મારે આખો દહાડો ભૂખ્યા રહેવું પડ્યું. એટલે જ તને ફાંસીની સજા કરી છે.''



નોકરે કહ્યું, ‘‘આપે કરેલી સજા માટે તો મારે કશું જ કહેવાનું નથી પણ ગઈ કાલે સવારે જેમ આપે મારું મોઢું જોયું હતું તેમ મેં આપનું મોઢું જોયું હતું. તેથી મારે તો કેદખાને પડવાનું થયું અને આજે ફાંસીએ ચડવાનું થયું. તો આપ જ ન્યાય કરો કે આપણાં બેમાં વધારે અપશુકનિયાળ કોણ ? અને જો ન્યાયાધીશ મને ફાંસીની સજા કરશે તો આપને એ કઈ સજા કરશે ?’’

વાત સાંભળીને બાદશાહ વિચારમાં પડી ગયા. બાજુમાં ઊભેલા બિરબલ મરકમરક હસવા લાગ્યા. એ જોઈને બાદશાહ બોલ્યા, ‘‘બિરબલ, આને આ જવાબ શીખવનાર તારા સિવાય બીજો કોઈ ન હોય. એની વાત સાચી છે. શુકન-અપશુકનનો ખોટો વહેમ રાખીને એ બિચારાને હું અન્યાય કરી બેસત. જે થયું તે સારું થયું. એને છોડી દો અને સરપાવ આપી માનભેર ઘેર પહોંચાડી દો.’’

## શબ્દસમજૂતી

**યુક્તિ** - કરામત, ઉપાય **કોયડો** - ઝટ ઉકલી ન શકે તેવો પ્રશ્ન **ચતુરાઈ** - ચાલાકી, હોશિયારી **ઝરૂખો** - છજું **વહેમનું ઓસડ ન હોવું** - વહેમનો ઉપાય ન હોવો **શિરામણ** - સવારનો નાસ્તો **કાળમુખું** - (અહીં) જેનું મુખ જોવાથી અપશુકન થાય તેવું **હાંફળુંફાફળું** - ગભરાયેલું, બેબાકળું **મૈયત** - મુસ્લિમ વ્યવસ્થા મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે **વાળુ** - રાત્રિભોજન **કમનસીબ** - કમભાગી **અપશુકનિયાળ** - જેના શુકન ખરાબ ગણાતા હોય તેવું **નાતીલું** - નાતનો માણસ **સરપાવ** - ઈનામ; શાબાશી બદલ આપવામાં આવતો પોશાક.

## રૂઢિપ્રયોગ

**નજર કરવી** - લક્ષ આપવું, જોઈ લેવું **દહાડો બગડવો** - ન ધાર્યું હોય તેવું થવું **બરાડી ઊઠવું** - મોટેથી બૂમ પાડવી **ઊંચે શ્વાસે** - ઉતાવળે **લાલપીળા થઈ જવું** - ખૂબ ગુસ્સે થવું **કાનમાં કંઈક કહેવું** - કંઈક ગુપ્ત વાત કરવી.

## ભાષાસજ્જતા

**નીચેની સંજ્ઞાઓ વાંચો :**

**દૂધ, ઘઉં, ઘી, ચોખા, તાંબુ**

આ બધી સંજ્ઞાઓ પ્રવાહી, ખનીજ, અનાજ વગેરે દ્રવ્યો માટે વપરાય છે. આથી તે દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય.

આવી બીજી દ્રવ્યવાચક સંજ્ઞાઓ પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.

**નીચેની સંજ્ઞાઓ વાંચો :**

**ટોળું, સભા, સરઘસ, સૈન્ય, ઝૂમખું**

આ બધી સંજ્ઞાઓ અમુક એક સમૂહ માટે વપરાય છે. તેથી તે સમૂહવાચક સંજ્ઞા કહેવાય. એ સંજ્ઞા જે સમૂહ દર્શાવે છે તેમાંથી કોઈ એક વ્યક્તિ કે પદાર્થને એ શબ્દ લાગુ પડતો નથી પરંતુ સમગ્ર સમૂહ માટે જ વપરાય છે એ ધ્યાનમાં રાખવું. ઉપર દર્શાવેલી સમૂહવાચક સંજ્ઞાઓને વાક્યમાં વાપરો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) વહેલી સવારે બાદશાહે ઝરૂખાની નીચે શું જોયું ? ☐

(ક) નોકર ચોગાનમાં ઊભો હતો. (ખ) નોકર ચોગાનમાંથી ઝાડુ લેતો હતો.

(ગ) નોકર ઝાડુથી ચોગાન વાળતો હતો.

(ઘ) નોકર ઝાડુ ઊંચું કરી બાદશાહ સામે જોતો હતો.

(2) રાજ્ય પર કયા રાજાએ ચડાઈ કરી ? ☐

(ક) બુંદેલખંડના (ખ) ઝારખંડના (ગ) ઉત્તરખંડના (ઘ) પુષ્પખંડના

(3) નોકરને જવાબ શીખવનાર કોણ હતું ? ☐

(ક) અકબર (બ) બિરબલ (ક) બેગમ (ડ) ફાંસીગર

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) બુંદેલખંડનો રાજા પરત કેમ ફર્યો ?

(2) શિરામણ સમયે સેનાપતિએ શા સમાચાર આપ્યા ?

(3) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા ?

## સ્વાધ્યાય

J9Q8P4

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) બાદશાહને પોતાનો દહાડો બગડશે એવું કેમ લાગ્યું ?

(2) સાંજે જમતી વખતે રાજા કેમ ગુસ્સે થયા ?

(3) રાજાનાં દર્શન કરતી વખતે ઝાડુવાળાએ શું કહ્યું ?

(4) અંતે રાજાએ પોતાનો ખોટો વહેમ શું કહીને દૂર કર્યો ?

**2. તમે જીવનમાં અનુભવેલા કે જોયેલા ચાતુર્ય પ્રસંગ વિશે આઠ-દસ વાક્યો લખો.**

**3. નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો :**

(1) સવારનો નાસ્તો

(2) ઝટપટ ઉકેલી ન શકે તેવો પ્રશ્ન

(3) કાળના જેવા મોં વાળું

(4) મુસ્લિમ ધર્મ મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે

(5) શાબાશી બદલ અપાતો પોશાક

**4. બાદશાહ દ્વારા બોલાયેલાં ગમે તે ચાર વાક્યો પાઠમાંથી શોધીને લખો.**

**5. નીચેના મુદ્દાઓ પરથી વાર્તા લખો :**

એક નાનું ગામ - યુવાનો ભણેલા - વૃદ્ધો વ્યવહારકુશળ - ગામમાંથી જાન જવી - જાનમાં વૃદ્ધોને ન લઈ જવા - જાનમાં માત્ર યુવાનો જ - કન્યાપક્ષની શરત - જવાબ આપો તો જ કન્યા પધરાવીએ - 'ગામનું તળાવ ઘીથી ભરી આપો' - યુવાનોની ચિંતા - સંતાઈને આવેલા વૃદ્ધનો જવાબ - 'પહેલાં તળાવ ખાલી તો કરી આપો' - કન્યા પક્ષનું કહેવું, જાનમાં એક વૃદ્ધ જરૂર આવ્યા હશે.

**6. નીચેના ફકરામાંથી યોગ્ય વિરામચિહ્નો મૂકો :**

થાળ આવ્યો અને રાજા ઊંચે શ્વાસે જમ્યા જમતાં જમતાં એ લાલપીળા થઈ ગયા એના મનમાં પેલો વહેમ રમ્યા કરતો હતો એમણે હુકમ કર્યો જાઓ પકડી લાવો પેલા અપશુકનિયાળને આજ સવારમાં એનું મોઢું જોયું છે ત્યારથી આ કમનસીબી ઊભી થઈ છે એને કેદમાં પૂરી દો અને સવારે એને ફાંસીએ ચડાવી દેજો

## પ્રવૃત્તિઓ

- અકબર-બિરબલની અન્ય બીજી વાર્તાઓ મેળવી વર્ગમાં કે પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- તમારા માતા-પિતા કે વડીલો પાસેથી ચતુરાઈભરી કથાઓ સાંભળો.

9

# પાદર

U3A4H9

**ડૉ. કિશોરસિંહ સોલંકી**

**જન્મ : 1-4-1949**



કિશોરસિંહ સોલંકીનો જન્મ બનાસકાંઠા જિલ્લાના મગરવાડા ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા, નિબંધ તેમજ ટૂંકીવાર્તા જેવાં વિવિધ સાહિત્યસ્વરૂપો તેમણે ખેડ્યાં છે. ‘વીરવાડા’ તથા ‘અરવલ્લી’ તેમની નોંધપાત્ર નવલકથાઓ છે અને ‘હાઈન્કા’ જેવું પ્રયોગશીલ કાવ્યસ્વરૂપ તેમણે ખેડ્યું છે.

‘પાદર’ નિબંધ આપણી વિસરાતી જતી ગ્રામચેતનાને ઉજાગર કરે છે. પાદર વિશેનાં પોતાનાં સંસ્મરણોને લેખકે કાવ્યમય બાનીમાં રજૂ કર્યાં છે.

---

અમે પાદરમાં રમીએ.

‘પાદર’ શબ્દ સાંભળતાની સાથે જ અમને આનંદ થાય છે; અમારા પગ નાચવા માંડે છે. જાણે પાદરની રેત અમને બોલાવતી હોય એવું લાગે છે.

અમે ‘પાદર’ને ‘ગોંદરું’ એવા નામે ઓળખીએ છીએ.

અમારે માટે ગોંદરું એ ચૉકલેટ જેવું છે; એને મમળાવવાની મજા આવે છે.

મારા ગામના ગોંદરે બે વિશાળ વડ, જે દર વર્ષે પોતાની વડવાઈઓ વધારતા જાય. સામેના ભાગે ઊભેલી પીપરો અને પીપળા, બીજી બાજુ લીમડા. ગોંદરાની પાસે આવેલા કૂવામાંથી ગામ પાણી ભરે. મોટો હવાડો. બે બળદની જોડી કોસથી હવાડો ભરે. વચ્ચેના ભાગમાં ઝીણી ઝીણી વેળું. એ અમારું પાદર !

ગોંદરે તો આખા ગામનાં ટાબરિયાંનો મેળો જામે. કોઈનું છોકરું ઘર-વાસ કે શેરીમાં ન મળે તો ગોંદરે એની શોધ થાય. છોકરું ક્યાંક વડની વડવાઈઓ કે ઝાડની બખોલમાં લપાયેલું હોય તે મળી જાય. છોકરાને શોધવામાં જો એની માને તકલીફ પડે તો એનું આવી જ બને : ‘મારા પીટ્યા લડધા, તારો કૂટૂ ઓશલો તારો, અડધા દા’ડાથી તન આખા ગામમાં હોધુ સું. એવું બોલતાં બે-ચાર લાફા મારી

જ દે. બીજાં છોકરાં ઝાડના ઓઠે લપાઈને જોઈ રહે. અંદરો-અંદર કહે : 'ચેવો માર્યો નઈ ? તો બીજા કહે : 'તન તારી મા નથ મારતી ? પૂછનાર ચૂપ થઈ જાય.'

અમારી પહેલી નિશાળ તે આ ગોંદરું. નિશાળમાં તો અગિયાર વાગ્યે જવાનું હોય. ગામડાનાં લોકો તો સવારે ઘરનું વાસીદું, પાણી અને રોટલા ટીપીને, પરવારી બધાં ખેતરે નીકળી જાય. અમે ભણેશરીઓ, નેવાંનો છાંયડો નજીક આવે ત્યાં સુધી તો ફાટેલી થેલીઓમાંથી ફાટેલી ચોપડીઓ નોટોનાં પાનાં આઘાંપાછાં કરી, તૂટેલી સ્લેટના કકડા મિલાવતાં કંઈક લખીએ ન લખીએ અને ગોંદરે જવા નીકળી પડીએ !

સવારે નવ વાગ્યાથી અમારી નિશાળ શરૂ થાય. એમાંય કોઈ સાહેબને જતાં-આવતાં જોઈએ ત્યારે યુદ્ધભૂમિના સૈનિકોની જેમ વડની વડવાઈઓ કે ખોદેલા ખાડાઓમાં લપાઈ જઈએ. સાહેબ જો જોઈ જાય તો આવી જ બને. અમને એ વખતે સાહેબોની ધાક જબરી હતી !

આ ગોંદરું તો ગામનું નાક કહેવાય, ગામની શોભા કહેવાય, ગામ કેવું છે એ એના ગોંદરા પરથી જ પરખાઈ જાય. ગોંદરામાં તો આખા ગામનાં માણસો, ઢોર, કૂતરાં અને પશુ-પંખીઓનાં પગલાં જોવા મળે. સારા-માઠા પ્રસંગે ગોંદરે આખું ગામ ભેગું થાય. કૂવેથી પાણી ભરીને માથે બેડાં મૂકીને પાણિયારીઓ ઊભી-ઊભી વાતો કરતાં થાકે નહિ, યુવાનો જતાં-આવતાં મૂછો મરડતા જાય.


ગામનો મેળો પણ ગોંદરે ભરાય. બહારગામ કે ક્યાંય પણ જવાનું હોય વાયા ગોંદરેથી. ગોંદરું તો ગામનો જીવતો-જાગતો ચોપડો ! એમાં નામ લખાવ્યા વિના કોઈ આવી કે જઈ ન શકે ! કોઈનું મરણ થયું હોય તો મરનારનો ત્રીજો વિસામો ગોંદરે થાય. ગોંદરે જ મડદાના પગના અંગૂઠાને આગ મૂકાય પછી જ આવે છેલ્લો વિસામો સ્મશાન !

આનર્ત - ઉત્તર ગુજરાત - એટલે ભવાઈનો દેશ ! ચોમાસાના ચાર મહિના ભવાઈ બંધ હોય. અમારું ગામ મગરવાડા એટલે ભોજકોનું કેન્દ્ર ગણાય. આસો સુદ પાંચમની રાતે ગોંદરે ભવાઈના શ્રીગણેશ કરાય. એ સિવાય ભવાઈ બીજે ક્યાંય ભજવી ના શકાય એવો વણલખ્યો કાયદો ! ગોંદરે આવેલી પીંપરના થડ પાસે પડદા બંધાય, નરઘાં વાગે, ભૂંગોળ ફૂંકાય અને શરૂ થાય તા...તા... થૈ....થૈ....તુહુ....તુહુ.... અમે ટાબરિયાં એકબીજાને ધક્કા મારતાં, ચડ્ડીઓમાં રેત ભરતાં અને મારામારી કરતાં આગળ બેસવા માટે મથીએ, પછી ભવાઈ જોવાનો ટેસડો પડી જાય. આખું ગામ અને આજુબાજુનાં ગામોના લોકો પણ ભવાઈ જોવા ઊમટે.

શિયાળામાં હુતુતુતુ કે આટાપાટા રમીને કડકડતી ઠંડી ઉડાડીએ. આમલી-પીપળી રમીએ. વડની વડવાઈઓના હીંચકા બનાવીએ. પડીએ-આખડીએ, ઊભા થઈએ, લંગડાઈએ, લડાઈએ, એકબીજાના કપડાં ફાડીએ, માથામાં રેત ભરીએ, રોતાં-રોતાં ગાળાગાળી કરીએ, સામસામાં પથરા મારીએ, લોહીલુહાણ થઈએ તોય થોડીવાર પછી બધું જ ભૂલીને ભેગાં મળીને રમવા માંડીએ ! બે ઘડીના ઝઘડા, ફરી એના એ. ન ફરિયાદ કે ફાંદો, જીવો મારા ભૈ મસ્તીમાં, આનંદમાં !

મજા તો આવે ઉનાળામાં, શાળાનો સમય સવારનો હોય. અગિયાર વાગ્યા ન વાગ્યા અને ઘર ભેગા થઈ જઈએ. ખાઈ-પીને શું કરીએ ? બપોરે ખેતરમાં ભાત લઈને નાછૂટકે બળબળતા બપોરમાં ગોંદરાની ગરમલાય રેતમાં અડવાણા પગે દાઝતા જવાનું. ત્યારે તો ચંપલ, બૂટ કે સૅન્ડલ સ્વપ્નમાં પણ જોયાં નહોતાં.

ઉનાળામાં ખેતરે જવાનું ન હોય તો અમને આનંદ થાય. ગરમલાય વાયરા વાતા હોય, લૂ



ફૂંકાતી હોય, તોય અમે છાંયડામાં ગોંદરે રમતાં હોઈએ. કોઈ બપોર કે તડકો ન જુએ ! રમવું રમવું ને રમવું એ જ અમારો મુદ્રાલેખ !

સાચા અર્થમાં ગોંદરું તો ગરમ ઝરતી બપોરનું જ. આખા ગામનાં ઢોર બપોરે વગડેથી ગોંદરે આવી ગયાં હોય. હવાડામાંથી પાણી પીને, પીંપર, પીપળો, લીમડી કે વડના છાંયડે બેઠાં હાંફતાં હોય, કેટલાંક તો સામસામે શીંગડાં ભરાવીને બાખડતાં હોય. ગોવાળિયા ખાવા માટે ઘેર જાય ત્યારે અમે બેઠેલી ભેંસોની પીઠ પલાણીને રાજાના ઠાઠથી ડોલતા હોઈએ, ભેંસની સવારી કરવી એ પણ એક લ્હાવો છે. જો કોઈ ભેંસ અળવીતરી હોય તો ઝમ્મ દઈને ઊભી થઈ મારવા દોડે. કોઈ શીંગડાં હલાવે, કોઈ પૂંછડું વીંઝે પણ અમે તો વગડાના વનેર જેવા ! બપોરે તો ગોંદરે અમે જ ગોવાળિયા ગોકુળ ગામના ! આખું ગોંદરું માથે કરીને ફરીએ, પરસેવાથી નહાઈએ.

ઉનાળાની અજવાળી રાત હોય. અમે આખો દિવસ ગરમીથી ઉકળ્યા હોઈએ. રાતે ખાધું ના ખાધું અને ગોંદરે પહોંચી જઈએ. ગોંદરે રમવા જવાની જબરી તાલાવેલી થાય. થોડો સમય મળ્યો નથી કે દોડતા પહોંચી જઈએ. ભલે પાછળ અમારા નામની બૂમાબૂમ થતી હોય. મોડી રાતે રેત ઠરે. અમે રેતમાં આળોટીએ. અમને રેત વહાલી લાગે. મોડી રાત સુધી ઘેર જવાની ઇચ્છા જ ન થાય. કોઈને કોઈ હાથમાં સોટી લઈને અમને બોલાવા આવે. મારવું અને માર ખાવો એ અમારો તો કુદરતી ક્રમ ! ક્યારેક તો ઠંડી રેતીમાં ઘસઘસાટ ઊંઘી ગયા હોઈએ તો અમારું આવી જ બને ! ચાંદનીમાં ચળકતી રેતને માણવાનો પણ એક આનંદ હોય છે. પહેરણ કાઢી, હાથ પહોળા કરી ગોંદરાને માપતા આરામથી પડ્યા રહીએ. ગોંદરું તો અમારે ઍરકન્ડિશન, મારા માથામાં હજી પણ ગોંદરાની રેત ભરાયેલી છે.

પાનખરમાં તો ખરેલાં પાંદડાંથી આખું ગોંદરું ભરાઈ જાય. એના ઉપર ચાલવાની પણ એક મજા છે. ક્યારેક કોઈના ઘરમાંથી સળગતો દેવતા લઈ આવીએ અને આખું ગોંદરું સળગાવીએ. કોઈ વૃદ્ધ જોઈ જાય તો ઠપકો આપે : 'અલ્યા, ચ્યમ હળગાયું ? ઈમાં તો કીડી-મંકોડા ને જીવાત હોય તે બળી જાય. તમોને પાપ લાગશે.' અમોને પાપ ના લાગે એ માટે ફટોફટ આગ ઓલવી નાખતા. જીવતા જીવને અમારાથી કેવી રીતે બળાય ? એવા તો અમે જીવદયાવાળા !

વર્ષારાણી તો ગામડાંનો પ્રાણ છે. ગામડાંનો આધાર ચોમાસું જ છે. વરસાદ આવતાંની સાથે જ આખા ગામને નવડાવતાં-ધોતાં ચોમાસું નેવાંનાં પાણી ગોંદરે ભેગાં થઈ જાય. પાણી ત્યાંથી સીધાં જ તળાવમાં જાય. ખળખળ જતા પાણીમાં અમે આખા ગોંદરે વેરાઈ જઈએ. વરસાદમાં પલળવાનો

પણ એક રોમાંચ હોય છે. ગોંદરાનાં વૃક્ષોને અથડાઈને પાછું પડતું, આજુબાજુની વાડ સાથે અથડાતું, ગામના કચરાને ઢસડી જતું કે વડવાઈઓમાં અટવાઈ જતું પાણી જોવાનો આનંદ આવતો.

આખી દુનિયાના રસ્તાઓ સાથે અમારું ગોંદરું સંકળાયેલું છે. એનો સંબંધ જીવંત છે. કોઈ વટેમાર્ગુ કે કોઈ પણ અતિથિ ગોંદરે પોરો ખાઈને જ આગળ જાય. કેટલીક જ્ઞાતિઓની પંચાત અહીં ભરાય, અહીં જ વિહરતી-વિચરતી જાતિઓ આવીને ડેરા-તંબૂ તાણે. પોતાના નાના-મોટા ધંધા કરીને પેટગુજારો કરે. પછી ઉચાળા ઉપાડીને બીજે જાય. ગામકૂવો અને મંદિર પણ ગોંદરે જ હોય.

આ ગોંદરે ધીંગાણાં મંડાણાં છે. લાકડીઓ, ધારિયાં અને તલવારો ઉછળ્યાં છે. ઢોલ ધ્રબૂક્યા છે. સરકારી લફરાં થયાં છે. પેઢીઓની પેઢીઓ ગોંદરેથી પસાર થઈ ગઈ છે. ગોંદરે ઘણી તડકી-છાંયડી જોઈ છે. ગોંદરું ગામની જાહોજલાલી અને એની ચડતી-પડતીનું સાક્ષી છે. એની રેતીના કણકણમાં ઈતિહાસનું એક-એક પાનું લપાયું છે.

મારાં કોમળ-કોમળ પગલાંને સાચવતું આ ગોંદરું આજે મારામાં ધીમેધીમે ઊગી રહ્યું છે. હું રોમાંચિત બની જાઉં છું. પૂંઠવાળીને પાછળ જોઉં છું તો મારા ગોંદરાને કાળોતરો ડંખી ગયો છે. એના માથે કાળાં કાળાં શીંગડાં ઊગી ગયાં છે.

ક્યાં છે મારું ગઈકાલનું ગોંદરું-પાદર ? વડની વડવાઈઓમાં રાતનો પોરો ખાવા પાછા ફરતાં પંખીઓની પાંખ લઈને ઊડું છું મારા ગામના પાદર તરફ.......

**('સુગંધનો સ્વાદ' નિબંધ સંગ્રહમાંથી)**

## શબ્દસમજૂતી

**ગોંદરું** - ગામનાં ઢોર ઊભાં રહે તે ભાગોળ, પાદર **હવાડો** - ઢોરને પાણી પીવાનો કુંડ **વેળુ** - રેતી **ટાબરિયાં** - નાનાં બાળકો **બખોલ** - પોલાણ **લડધો** - (અહીં) રખડતો છોકરો **ધાક** - બીક, ડર **ટેસડો** - મજા **મુદ્રાલેખ** - આદર્શ વાક્ય **ભૂંગોળ** - ભૂંગળ **ઍરકન્ડિશન** - ઍરકન્ડિશનર (વાતાનુકૂલિત યંત્ર) **ધીંગાણાં** - મારામારી, લડાઈ **વનેર** - રખડેલ, જંગલી **કાળોતરો** - કાળો સાપ, (અહીં) કાળરૂપી નાગ (સાપ)

## રૂઢિપ્રયોગો

**મેળો જામવો** - ઘણા માણસોનું એકઠા થવું તે **ગામનું નાક** - (અહીં) ગામનું ગૌરવ, ગામની શોભા **મૂછ મરડવી** - અભિમાન કે શૂરાતન બતાવવું **શ્રીગણેશ કરવા** - કાર્યનો શુભારંભ કરવો **માથે કરવું** - અઘટિત વર્તન દ્વારા લોકોને વ્યાકુળ કરવા **પોરો ખાવો** - આરામ લેવો **તડકી-છાંયડી જોવી** - સુખ-દુઃખમાંથી પસાર થવું **પૂંઠ વાળવી** - પાછા વળીને જોવું

## ભાષાસજ્જતા

**નીચેની સંજ્ઞાઓ વાંચો :**

ડહાપણ, ખટાશ, ઊંઘ, પ્રેમ, સુખ, દુઃખ, આનંદ

ઉપરની સંજ્ઞાઓ વિવિધ ભાવ બતાવે છે. આવી સંજ્ઞાઓને ભાવવાચક સંજ્ઞાઓ કહે છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) ગોંદરે ઢોરને પાણી પીવા બનાવેલા કુંડને શું કહે છે ? ☐

(ક) ખાડો (ખ) હવાડો (ગ) કુંડ (ઘ) જળવાડો

(2) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે ? ☐

(ક) તળાવને (ખ) ગોંદરાને (ગ) પુસ્તકાલયને (ઘ) વડલાને

(3) લેખક ના છૂટકે ખેતરમાં શું લઈને જતા હતા ? ☐

(ક) બળદ (ખ) ભેંસો (ગ) ભાત (ઘ) સ્લેટ-પેન

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) ગામના ગોંદરે શું શું આવેલું છે ?

(2) સાહેબને આવતા જોઈ છોકરાં શું કરતાં ?

(3) ગોંદરું 'ગામનું નાક' કેમ કહેવાય છે ?

(4) ગામના પાદરમાં આવેલા પરિવર્તનથી લેખક શી લાગણી અનુભવે છે ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યોમાં આપો :**

(1) ઉનાળાના બપોરે ગોંદરું કઈ રીતે ઉપયોગી બને છે ?

(2) લેખક વરસાદનો આનંદ કઈ રીતે માણે છે ?

B7U3C5

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) લેખકે ગામના પાદરમાં ઊજવાતા કયા-કયા પ્રસંગોની વાત કરી છે ?

(2) લેખકે ગામના પાદરમાં રમાતી કઈ-કઈ રમતોની વાત કરી છે ?

(3) લેખક વરસાદનો આનંદ કઈ રીતે માણે છે ?

(4) ગામનું પાદર કઈ-કઈ બાબતોનું સાક્ષી છે ?

(5) ચોમાસાની ઋતુ-સમયના ગોંદરાનું વર્ણન કરો.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ગામના પાદરમાં કે મહોલ્લામાં કયા પ્રસંગોની ઊજવણી થાય છે ?

(2) ગામના પાદરમાં કે મહોલ્લામાં કઈ-કઈ રમતો રમો છો ?

(3) ગામના પાદરમાં કે મહોલ્લામાં થતી પ્રવૃત્તિઓની યાદી કરો.

**3. નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :**

(1) હેલે ચઢવું (2) મૂછ મરડવી (3) લહાવો લેવો

**4. તમારા ગામના પાદર કે મહોલ્લાનું વર્ણન કરો.**

**5. ભાવવાચક સંજ્ઞાનો ઉપયોગ થયો હોય તેવાં વાક્યો પાઠમાંથી શોધીને લખો.**

**6. પ્રસંગલેખન કરો :**

‘મને યાદ આવે છે મારા બાળપણનો પ્રસંગ’

## પ્રવૃત્તિઓ

- તમારા ગામના પાદરનું ચિત્ર દોરો.
- તમે તમારા ગામના પાદર કે મહોલ્લામાં કેવી પ્રવૃત્તિ કરશો ? વર્ગમાં ચર્ચા કરો.
- ગામડાનો મહિમા ગાતાં ગીતો મેળવો અને અંક તૈયાર કરો.

•

# પુનરાવર્તન 2

**1. નીચેના વિષયો પર પાંચથી સાત વાક્યો લખો :**

(1) મારું બાળપણ (2) મારા ગામનું પાદર (3) ઉનાળાની બપોર

**2. ‘વર્ષાઋતુ’ વિશે આઠ-દસ વાક્યો લખો.**

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો :**

(1) વરસાદ વરસ્યા પછી સીમ કેવી બને છે ?

(ક) કંકુવરણી (ખ) સોનાવરણી (ગ) ઘઉંવરણી (ઘ) રક્તવરણી

(2) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા ?

(ક) હટાણું (ખ) ફરવા (ગ) ગામ જોવા (ઘ) ગોળ લેવા

(3) નોકરને જવાબ શીખવનાર કોણ હતું ?

(ક) અકબર (ખ) બિરબલ (ગ) બેગમ (ઘ) ફાંસીગર

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) પાઘડીપને કયા બે પ્રદેશ પથરાયેલા છે ?

(2) બુંદેલખંડનો રાજા પરત કેમ ફર્યો ?

(3) સાહેબને આવતા જોઈ છોકરાં શું કરતાં ?

**5. નીચેની કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો :**

(1) નદિયુંનાં જલ નીતર્યાં

લોકોમાં લીલાલ્હેર રે...

(2) હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતા ના;

શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.

**6. નીચેની પંક્તિઓ કયા કાવ્યની છે તે લખો :**

(1) લીલો કંચન બાજરો ને ઊજળો દૂધ કપાસ રે...

(2) અંતરને અજવાળી વીરા...

(3) રંગેસંગે કામ કરીએ થાય મલક આબાદ રે...

(4) દુર્ગમ પંથ કાપ્યે જા.

**7. નીચે 'અ' વિભાગમાં કૃતિનાં નામ આપ્યાં છે. સામે 'બ' વિભાગમાં તેના કર્તાનાં નામ આપ્યાં છે. તેને યોગ્ય રીતે જોડો.**

| 'અ' | 'બ' |
|---|---|
| (1) મહેનતની મોસમ | સંતબાલ |
| (2) લેખણ ઝાલી નો રહી... | નાથાલાલ દવે |
| (3) પગલે પગલે | કિશોરસિંહ સોલંકી |
| (4) પાદર | જોરાવરસિંહ જાદવ |

**8. (ક) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

(1) જિગર (2) પ્રસંગ (3) ગોંદરું (4) વિસામો

**(ખ) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

(1) આભ (2) હિંમત (3) દુર્ગમ (4) અજવાળું

**(ગ) નીચે આપેલી સંજ્ઞાઓનું વર્ગીકરણ કરો :**

હાસ્ય, ફૂલ, કબીરવડ, દૂધ, હૂંફ, નદી, અકબર, પાણી, બાચકું, સ્મિત, લીમડો, ધરતી, ઘઉં, સભા, ધૈર્ય, પંખી, રવિશંકર મહારાજ, સ્નેહ, ટુકડી, શેઠ, પંચ, ઘી, તાંબુ, કહળસંગ.

| વ્યક્તિવાચક | જાતિવાચક | દ્રવ્યવાચક | સમૂહવાચક | ભાવવાચક |
|---|---|---|---|---|
| | | | | |

**(ઘ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાક્યમાં પ્રયોગ કરો :**

(1) વ્હાણાં વાઈ જવાં

(2) લાલપીળા થઈ જવું

(3) લહાવો લેવો

**9. પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ એક ફકરો સ્વચ્છ અને સુંદર અક્ષરે તમારી નોટબુકમાં લખો.**

**10. ક્રમાંક 5 થી 7ની કૃતિમાં આવતી તમને મનપસંદ કોઈ પણ કવિતાનું ભાવવાહી ગાન અને લેખન કરો.**

• • •

નોંધ :